॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥




પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંજી મહારાજશ્રીની પ્રતિકૃતિ

સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર -૧, કતારગામ રોડ, સુરત.
ફોન (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ આસો, નવેમ્બર - ૨૦૧૫, અંક - ૧૧

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ;
ગુરુસાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ



**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૭ / નવેમ્બર-૨૦૧૫ / અંક-૧૧


## અનુક્રમણિકા


૪ નવા વર્ષના શુભ આશીર્વાદ

૫ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૯ છાન્દોગ્યોપનિષદ
રજૂ. લત્તા અરવિંદભાઈ માંગુકિયા (દડવા)

૧૩ ગુરુગીતા મહાત્મય:
રજૂ. પટેલ દેવીકાબેન જે. – ઓઝરાળા

૧૫ કર્મફળ
રજૂ. નરશીભાઈ વાલજીભાઈ વઘાસિયા
પીપળીયા (હાલ સુરત)

૧૬ વસ્તડી ચાતુર્માસની ઝાંખી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, વસ્તડી

૧૭ ગુરૂ અંધકારથી પ્રકાશ...
રજૂ. ભૂમિબેન અનિલભાઈ માંગુકીયા
સુરત (દડવા)

૧૯ ભજન
રજૂ. ગાબાણી ચંપાબેન જેરામભાઈ (પીપળીયા)

૧૯ સંત મહિમા
રજૂ. ડો. હેતલ પી. ભરોડિયા (પીપળીયા)

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત

૨૧ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ્ ।*
*ઈદ સંસારે ખલુ દુસ્તારે કૃપયાપારે પાહિ મુરારે ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૫ ॥*

### ભાવાર્થ

આ સંસારમાં ફરી ફરીને જન્મ, ફરી ફરી મરણ અને વારંવાર માતાના ગર્ભમાં રહેવું પડે છે, તેથી હે મુરારે ! હું આપના શરણે આવેલો છું, આ દુસ્તર સંસારમાંથી મને પાર ઉતારો; આ રીતે હે મૂઢ ! તું સદા ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૫ ॥


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |



**પ.પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના નવા વર્ષના શુભ આશીર્વાદ...**

૧ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમ બ્રહ્મ પરમાત્માની અસીમ કૃપાથી ભારતની પરમ પવિત્ર ભૂમીની અન્દર આપણને માનવ જન્મ મળ્યો છે માનવ જન્મથી પરમાત્મારૂપ થવું એજ માનવ માત્રનું લક્ષ્ય છે અને તેને માટે પરમાત્માસ્વરૂપ પોતાનો આત્મા છે અને આત્મા સત_સ્વરૂપ છે આત્મા ચેતન સ્વરૂપ છે. અને આત્મા આનન્દ_સ્વરૂપ છે અને એવું પોતાની બુધ્ધિમાં દ્રઢ થવાથી જીવ મુક્ત થઈ શકે છે

આ નુતન વર્ષની અન્દર પોતાનું જીવન પ્રકાશમય બને, કેમ કે જેમ દિવાળીની રાત્રે અન્ધકાર હોવા છતાં અન્ધારુ લાગતું નથી. કેમ કે દિવાળીની રાત્રે બધાજ પોતાના ઘરની બહાર દિપ પ્રગટાવે છે અને આ દિપથી બજાર પ્રકાશમય બને છે એજ રીતે પોતાના હૃદયરૂપ ઘરની અન્દર જ્ઞાનરૂપી દિપ પ્રગટાવવાથી જીવનની અન્દર પ્રકાશ થવાથી જીવન પ્રકાશમય બને છે

નુતન વર્ષમાં પરમાત્મા સર્વે જીવોને સર્વ ભાઈ-બહેનોને સુખમય બનાવે. શરીરથી નિરોગી બનાવે. લૌકિક સમ્પત્તિથી સુખી બનાવે, મનથી સાત્વિક બનાવે અને બુધ્ધિની અન્દર જ્ઞાન દ્રઢ કરાવે. એવું નવા વર્ષની અન્દર પરમાત્માની પાસે પ્રાર્થના કરીએ સર્વે ભવન્તુ સુખીનઃ

સ્વામી જગદીશાનન્દ સાગરના
સર્વને નવા વર્ષના શુભ
સચ્ચિદાનન્દ પૂર્વક શુભ આશિર્વાદ

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**સિધ્ધાંત (સાર) :-**

ધ્યાનથી યાદ રાખો અંધારામાં શું થયું ? બોલો. કે પોતાની પેટી ગઈ ને પારકી પેટી સાચવી સાચવીને સાચવી અને સ્ટેશન આવ્યે એ પણ ગઈ. હવે, આપણે કયા રહીએ છીએ એ ધ્યાનથી યાદ રાખો. આપણે જેને જેને સાચવીએ છીએને એ અંધારામાં તો નથીને ? બોલો ? તમે કોને કોને સાચવો છો ? આ શરીર તમારું છે ? આ શરીર રૂપી પેટીને આખો દિવસ શું કર્યા કરો છો ? બોલો ? જાગ્યા ત્યારથી....

**અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી,**
**જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી,**
**જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલેજી,**
**મગરૂબીમાં અંગ મરોડે,જેમ તેમ મુખથી બોલેજી,**
**મનમાં જાણે મુજ સરીખો,રસિયો નહિં કોઈ રાગીજી,**
**બારે તાકી રહી બીલાડી, લેતાં વાર ન લાગેજી,**
**આજકાલમાં હું તું કરતાં,જમડાં પકડી જાશે જી,**
**બ્રહ્માનંદ કહે સૌ વાસેથી,કાંઈ ન માણ્યો કહેશે,**

(બ્રહ્માનંદજી)

તો બોલો, અંધકારમાં છો કે પ્રકાશમાં ? પ્રકાશમાં હોય એને ખબર પડે કે હું કોણ છું ? અને મારું કોણ છે ?

**જ્ઞાન વિના બહુ ગોથા ખાધા,**
**વળગ્યા હું ને મારું જોને.**

જેમ પેલા શેઠને પારકી પેટી વળગીને એમ આપણને શું વળગ્યું ? બોલો ? પારકા શરીરને પંચભૂતના શરીરને મારું મારું કરી ગયા આપણે. તો અંધકારમાં કે જ્ઞાનમાં ? બોલો ? અજવાળું હોય તો કોઈ દિ'એ ભાન થાય નહિ (કે શરીર હું છું.) હું ચૈતન્ય છું ને આ શરીર તો જડ છે હું તો આનંદ રૂપ છું ને આ તો દુઃખ રૂપ છે હું અવિનાશી છું ને આ તો વિનાશી છે. મારે (આત્માને) ને એને (શરીરને) શું લેવા દેવા છે ?

**પોપટ તન પિંજર નહિ તારું,**
**અંતે ઉડી જવું પરબારું (૨), પોપટ....**

ધ્યાનથી યાદ રાખો શરીર પારકું છે પણ અજ્ઞાનતાથી કોનું દેખાણું ? બોલો ? જેમ અંધકારમાં પેલી પેટી જે પારકી હતી એ પણ પોતાની સમજાણી. એમ અજ્ઞાનતામાં આ જીવને પુત્ર, પત્ની, ધન, મકાન પોતાના સમજાય છે.

**દ્રષ્ટાંત :-**

તો યાદ રાખો કે એક ડોશીમાં હતા ને એ માટીના વાસણમાં હીરા ય રાખે સોનુ ય રાખે અને માજી હોશીયાર હતા તો એક વાસણમાં સર્પ ય રાખે ને વીંછી ય રાખે. તો બધુ ય ઘરમાં રાખી મુકે. એક છોકરાએ જોયું કે માજી તો માટીના વાસણમાં હીરા-મોતી રાખે છે. તો એક દિ' સમય લઈને ઊઠાવી લઉં તો મારું કામ... તો એકવાર લઈને એ (છોકરો) દૂર લઈ ગયો જંગલમાં અને પછી વિચાર કર્યો કે લાવ ખોલું. પણ અંધારામાં ખોલ્યા અજવાળામાં હોય તો કંઈ ખબર પડી જાય. પણ અંધારામાં ખોલીને અંદર હાથ નાખ્યાને તો એકમાં વીંછી કરડયો ને એકમાં... તો

ડોશીમાં ય રોજ રાખતા'તાં પણ ડોશી માને કરડતા નો'તા કેમ કે એ અજવાળે ખોલતા'તા. આ ભાઈએ કયાં ખોલ્યા ? બોલો ? અંધારે. એમ ભગવાન ય સૃષ્ટિમાં રહે છે ભગવાન પણ પત્ની વાળા હોય છે પુત્રવાળા, લક્ષ્મીવાળા હોય છે. પણ ભગવાન અજવાળામાં રહે છે અને આપણે કયાં રહીએ છીએ ? બોલો ?....એટલા માટે આપણને એ બધું ઝેર ચડે છે. રાગ દ્વેષનું કયું ઝેર ? બોલો ?

**રાગ દ્વેષનું ઝેર તે ઉતારશે,**
**આપી સદ્ વિચારનું ઔષધ**
**શ્રદ્ધા કરો સ્નેહથી..**

બોલો, જ્ઞાનમાં હોય તો રાગ દ્વેષ થાય ? આ બધું બ્રહ્મ રૂપ છે. આ તો બધુ મિથ્યા છે એ બે માંથી એક પણ જ્ઞાન કરોને તો રાગ ય નો થાય ને દ્વેષય નો થાય. નરસિંહ મહેતાએ કહ્યું, ધ્યાનથી યાદ રાખો.

**જાગીને જોઉં તો જગત દીસે નહિં,**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે,**
**ચિત્ત વિલાસ ચૈતન્ય તદ્રુપ છે,**
**બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે,**
**આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,**
**કાર્ય ને કારણ તું જ કહાવે,**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરી હર બ્રહ્મા એમ ગાવે.**

તો હરિ હર ને બ્રહ્મા જે ગાય છે જે સમજે છે. એવી સમજણમાં રહીએ તો આપણે વિદ્યામાં રહ્યા કહેવાઈએ. અજવાળામાં રહ્યા કહેવાઈએ. શેમાં રહ્યા કહેવાઈએ ? બોલો ? નહીંતર પછી કયાં રહ્યા ? અંધકારમાં એનું નામ છે અવિદ્યા. તો હવે બીજી ભાષામાં સમજો.

**विद्यते इति विद्या । अविद्यतं इति अविद्यात ।**

ન હોય છતાં દેખાય એનું નામ અવિદ્યા અને જે હોય ને જે દેખાય, સમજાય એનું નામ વિદ્યા. હવે, સોનાનો હાથી બનાવ્યો હોય એક તરફ અને એક તરફ માટીનો હાથી બનાવ્યો હોય, તો એ માટીના હાથીને માટી સમજો કે હાથી સમજો. શું સમજો ? બોલો ?

**મૂલદાસ કહે મહાનિધ્ય કે,વસ્તુ નિહાળીએ જી રે.**

તો જો વસ્તુ જોવો તો અજવાળામાં અને વસ્તુ ન જોવો તો અંધારામાં. તમે હાથી ખરીદી લો માટીનો, તો તમારા પૈસા જાય કે રહે ? બોલો ? એક ભાઈએ માટીની ગાય દાનમાં આપી. પછી જયારે વૈતરણીઓ તરવાની થઈ ત્યારે કહે અમારી ગાય મે દાનમાં આપી એવી મળો. તો કેવી મળી ? બોલો ? પછી નદીમાં શું થઈ જાય ? ગળી ગઈ અને ભાઈના હાથમાંથી છૂટી ગઈ. તો અંધારામાં રહેવા વાળા જીવને ખબર નથી કે આ માટી છે કે હાથી છે કે ગાય છે. તો ગાય નથી. શું છે ? બોલો ? માટી. જો તત્ત્વજ્ઞાન હોયને તો જેવું છે એવું સમજાય. એનો ઉપરનો આકાર-પ્રકાર તો-

**अविद्यते इति अविद्या ।**

ન હોય છતાં દેખાય એ અવિદ્યા. આ જગત નથી. બધું બ્રહ્મ છે શું છે ? બોલો ? સોનામાંથી હાર, વેઢ, વીંટી, કડા, કુંડળ બન્યા હોય તો એ સોનું છે કે હાર, વેઢ, વીંટી છે ? બેમાંથી શું છે ? બહેનો, બોલો ઊંઘતા નથીને. તો ધ્યાનથી બરોબર સાંભળજો. સોનામાંથી બનેલું સોનુ જ હોય એમ બ્રહ્મમાંથી બનેલું બ્રહ્મ જ હોય.

**કનક થકી કટ કુંડળ થયા તે,**
**કનક રૂપ કરી દેખે જોને,**
**બ્રહ્મ થકી જે જગત થયું તે,**
**બ્રહ્મ સ્વરૂપે દેખે જોને,**

તો એ દ્રષ્ટિ આવતી કેમ નથી ? કે મન મેલું છે. શું છે ? બોલો ? જેમ ગોળો (બલ્બ) મેલો હોયને તો બહાર પ્રકાશ ના આવે. લાઈટ અંદર ને અંદર અજવાળું પડે પણ તાળું લગાવી દો તો બહાર પ્રકાશ આવતો નથી. અંદર છે પ્રકાશ પણ બહાર આવતો નથી. એમ સમજણ તો બધાને છે પણ બહાર કેમ આવતી નથી ? તો મન મેલું છે શું છે ? બોલો ? ....કામ, કર્મ ખોટા હોયને એટલે સાચું એ બહાર નથી આવતું.

**દ્રષ્ટાંત :–**

એક બ્રાહ્મણના છોકરાએ ચામડાની દુકાન કરી. શેની કરી ? બોલો ?....પછી કોઈ દંડી સ્વામી આવ્યા એ કહેવા લાગ્યા અહીં કંઈ બ્રાહ્મણનું ઘર છે ? મારે તો બ્રાહ્મણના ઘરની ભીક્ષા લેવાની છે. તો પેલો દુકાનદાર છોકરો શું કહે છે ? કે હું તો વ્યાપારી છું કંઈ બ્રાહ્મણનું ઘર તો આગળ હશે જાવ. ધ્યાનથી યાદ રાખો કે એણે બ્રાહ્મણ છું એમ ન કહ્યું કેમ ન કીધું ? એને શરમ આવી

કે હું ધંધો આ કરું છું ને બ્રાહ્મણ કેમ...છે તો બ્રાહ્મણ જ એમાં કાંઈ ફેર નથી. પણ પોતાના જન્મ વાળું ન સંભાર્યું અને કયું સંભાર્યું ? બોલો...કર્મવાળું સંભાર્યું.

એમ આપણે કયું સંભારીએ છીએ ? બોલો. હીરાવાળાને, જીરાવાળાને, ડાલ્ડાવાળાને, કપડાવાળાને આ ભજીયાવાળા....પણ

**ચિદાનંદ રૂપઃ શિવોહં શિવોહં**

એ સંભારતા નથી કે હું તો પરમાત્માનો છું અને શરીર ગમે તે કરતું હોય ગમે તે વહેવાર કરતું હોય પણ તમારો આત્મા તો પરમાત્માનું સ્વરૂપ છે. એ બહારથી ભલે પુત્ર હોય પત્ની હોય મકાન હોય દુકાન હોય પણ **'આદિ અંતે એક જ રામ'**

**સીયારામ મય સબ જગ જાની**
**કરહું પ્રણામ જોરી જુગ પાની,**
**હરિ વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમસે પ્રગટ હોય હમ જાના,**

(રામાયણ-તુલસીદાસજી)

**વટમાં બીજ છે બીજમાં વટ છે,**
**એ જ પટંતરો જોવું પાસે,**
**ભણે નરસૈયો એ મનતણી શોધના,**
**પ્રીત કરું પ્રભુ પ્રેમે પ્રગટ થાશે.**

તો અંધકારમાં રહે અવિદ્યામાં રહે એ ન હોય એને સાચું માને અને જે હોય એને માને જ નહીં, દેખે જ નહીં તો બોલો, અત્યારે બ્રહ્મ દેખાય છે કે જગત દેખાય છે ? શું દેખાય છે ? બોલો ? જો બ્રહ્મ દેખાય તો અજવાળામાં છો એમ સમજો અને જો (બ્રહ્મ) ન દેખાય તો કયાં છો ? બોલો ?....કેટલી લાઈટ કરી હોય તોય અંધારામાં છો. કેમ કે પરમાત્મા પૂર્ણ બધે ભરપૂર છે.

**યત્ સાક્ષાદ્ અપરોક્ષાદ્ બ્રહ્મ ।**

(બૃહ.-ઉપ.-૩-૪-૧)

કે બ્રહ્મ જ અપરોક્ષ પ્રત્યક્ષ છે અને બીજું બધું તો નથી ને થયેલું છે.

**તારે ઓથે પ્રભુને નથી દેખતો,**
**કુંડળ ઓથે જેમ કનક ઢંકાય;**
**બીજો નથી બોલતો,**
**તું તો દરિયાની લેહેર સમાન છે,**
**લહેર સમતાં સમુદ્ર દેખાય, બીજો...**
**ત્હારે ઠેકાણે પ્રભુને ઠરાવજે,**
**એમ સમજે તો મહાસુખ થાય, બીજો...**

(પ્રીતમદાસજી)

તો

**सर्वं खल्विदं मयञ्च ब्रह्म ।**

જે કંઈ દેખાય છે એ બ્રહ્મ સ્વરૂપ છે એવું સમજે એનું નામ પરમ પ્રકાશ થયો કહેવાય. શું થયું કહેવાય ? બોલો અને આ મારું છે ને આ તારું છે આ સારું છે ને આ મોળું છે, આ પેલા ભાઈનું છે ને આ જાતિનું છે ને આ ગામનું છે. આ કુળનું છે આ નામનું છે. આવું છે આ બધી અવિદ્યા છે.

**મે તોર મોર યહ માય,તાવસ યહ જીવ કહાયા..**

(રામાયણ)

તો જે મારા તારામાં રમણ કરે છે ખોટા જગતને સાચું માનીને એમાં ભટકે છે. પારકાને પોતાનું માનીને ભટકે એ બધા અવિદ્યામાં રમે છે. કયાં રમે છે ? બોલો ? અને પાછા માને છે શું પોતાને ? એ તો એ ખાસ સમજવાનું. **''स्वयं धीराः''** કે પોતાને ધીર સમજે છે. શું સમજે ? બોલો ? ઘણાંય ભજન કરેને ત્યાગ વૈરાગ્ય કરેને ભગવાન તરફ જાયને પ્રેમ વધારેને તો લોકો કહે કે આ તો પલાયનવાદી છે. આ બધું છોડી છોડીને ભાગી જાય... તો સત્ય છોડે એ પલાયન વાદી કે અસત્ય છોડે એ પલાયન વાદી ? સત્ય છોડે એ પલાયન વાદી. તો સત્યને છોડીને જે લોકો ભાગે છે ખોટામાં રમણ કરે છે ને પાછા પોતાને સમજે છે કે અમે તો ધીર છીએ. અમે તો છોડતા જ નથી. ગમે એટલું દુઃખ પડે તોય અમે સંસાર નો છોડીએ. કેટલા ધીર છીએ ? ગમે એટલી તકલીફ પડે તોય છોડીએ નહીં. એટલે પોતાને સમજે કે અમારી જેવો કોઈ ધીર, ગંભીર નથી. અમને ગમે એટલી તકલીફ આવે છતાં અમે એનાથી વિચલિત થતા નથી. જાણી જોઈને કોઈ અગ્નિમાં પગ મૂકે અને પછી કહે હું ધીર છું. તો એ ધીર નથી પણ મૂર્ખ છે કેમ કે જાણી જોઈને પગ પોતાનો અગ્નિમાં બાળે છે. એમ જેને જ્ઞાન નથી એ તો બીચારા અજ્ઞાની છે. એ જેમ રહે એમ ભલે રે' પણ જે કથા સાંભળે છે તોય પાછા શું કરે છે ? બોલો ? એ

સમજે કે અમે જ ડાહ્યા છીએ. ખોટું-સાચું કરીને ઝાઝા વૈભવો મેળવી લે એટલે અમારી જેવો વિશ્વમાં કોઈ ડાહ્યો નથી પણ...

**દ્રષ્ટાંત :-**

એક ભાઈ મુંબઈ ગયા તેના સગાને ઘેર. એનું એડ્રેસ લીધું અને સાથે એનો ફોટો પણ લીધો કે મુંબઈ મોટું શહેર છે તો ઓળખાય કે ન ઓળખાય. એડ્રેસ લઈને આવ્યો સવારે ૬.૦૦ વાગે ટ્રેનમાંથી ઉતર્યો મુંબઈ. ટેક્સી કરીને એને (સગાને) ઘેર ગયો. તો એના સગા-વ્હાલા સવારમાં નાહી. ધોઈને ચંદન લગાવી રુદ્રાક્ષની માળા પહેરેલી હતી. જયારે આ ભાઈ ત્યાં આવ્યો અંદર જોયું ત્યારે કહેવા લાગ્યો અરે, મારા સગા ટાઈને કોર્ટ-પેન્ટ પહેરેલા ખુરશી પર બેઠેલા છે (ફોટામાં) અને આ તો પાટલે બેઠા છે ધોતી પેરી છે ને ચંદનનો ચાંદલો કર્યો છે ને માળા ફેરવે છે. તો આ મારા સગા હશે કે નહીં હોય ? એણે કીધું કે ભાઈ, હું તારો સગો છું તો બેસ હમણે હું તને બધી વ્યવસ્થા કરી આપું. પણ પેલાને વિશ્વાસ ન થયો. એટલા માટે છોડીને ઘર ભેગો થઈ ગયો. તો એ એને ઘેર પહોંચ્યો. એડ્રેસ પણ બરોબર હતું પણ એના રૂપમાં એને બરોબર લાગ્યું નહિ તો-

**વીરા વસ્તુ વિચારીને ઓરીએ,**
**પરિણામે પરમ સુખ થાય, રૂપે નવ રીઝીએ...**
**દેખી દૂધ આકલડાનું ઉજળું,**
**પીતા વેત છૂટી ગયા પ્રાણ, રૂપે નવ રીઝીએ...**

(ઋષિરાજ)

પેલાને કોર્ટ-ટાઈ-પેન્ટ વાળો માણસ જોતો'તો પેલાએ કહ્યું કે તું એમ કર હમણે ૧૦.૦૦ વાગે હું ઓફિસે જઈશને ત્યારે હું એ પ્રકારના કપડા... પણ પેલા ભાઈથી વિશ્વાસ ન રહ્યો. એની પાસે સમજણ હતી ને એડ્રેસ ય હતું તોય એ લાભ લઈ શક્યો નહીં કેમ કે એને શ્રદ્ધા રહી નહીં. એમ આપણે રોજ ગીતા ઉપનિષદ સાંભળીને એડ્રેસ ય લઈએ ને સમજીએ પણ શું નથી કરતાં ? બોલો ?....શું કામ નથી કરતા કે આપણે એના ફોટા રાખેલા છે. કે ચાર હાથ વાળા હોવા જોઈએને પાંચ હાથવાળા હોવા જોઈએ ને અહીં બેઠેલા હોવા જોઈએ ને આમ બેઠેલા હોવા જોઈએ અને આ ધારણ કરેલું હોવું જોઈએ. જયારે ગીતા-રામાયણ તો કહે છે કે આખા વિશ્વમાં પરમાત્મા ઓતપ્રોત રમી રહેલા છે. ગીતામાં ભગવાને કહ્યું કે-

**મયા તતમિદં સર્વં, જગદવ્યક્તમૂર્તિના,**

(અ.-૯-૪)

કે હે અર્જૂન, **'મયા તતમિદં સર્વં'** 'હું આખા જગતમાં વ્યાપક છું.' તો બોલો ગીતા કહે એ સાચું કે આપણે એડ્રેસ રાખ્યું એ સાચું ? ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું કે, 'હું સર્વની અંદર છું.'

**અહમાત્મા ગુડાકેશ, સર્વભૂતાશયસ્થિતઃ**

(અ.-૧૦-૨૦)

હે અર્જૂન ! હું આત્મા છું હું બધા ભૂતોમાં રહેલો છું અર્જૂને પૂછ્યું કે-

**કેષુ કેષુ ચ ભાવેષુ, ચિન્ત્યોઽસિ ભગવન્મયા.**

(અ.-૧૦-૧૭)

તો ભગવાન કહે કે આત્મ ભાવે ચિંતન કર. હું આત્મા ભાવે બધાની અંદર રહેલો છું. તો ધ્યાનથી યાદ રાખો જે લોકો ને સમજણ નથી એવા લોકો તો ખોટામાં રહેવાના છે છે ને છે. પણ સમજવા વાળા પણ જાય છે ને એ મોટામાં મોટી ભૂલ છે એટલા માટે લખ્યું છે કે (મૂઢ કરતાં પણ મૂઢ) પશુ કરતાં પણ વધારે પશુ કોણ ? તો-

**પશોઃ પશુઃ કો ન કરોતિ ધર્મં,**
**અધીત શાસ્ત્રોપિ ન ચાત્મબોધઃ ।**

(મણિરત્નમાળા-૧૪)

પશુ કરતાં વધારે પશુ કોણ છે ? કે જે ધર્મનું પાલન કરે નહીં અને શાસ્ત્ર સાંભળવા છતાં જેને જ્ઞાન હૃદયમાં દ્રઢ થાય નહીં કેમ કે ન સાંભળે એને તો નથી જ થતું પણ સાંભળવાનું મળે વાંચવાનું મળે છતાં જે દ્રઢ ના કરે અને જુની રૂઢીમાં જૂના જે ખોટામાં રખડયા કરે એ અવિદ્યામાં રમણ કરે છે એટલે અવિદ્યા વાળી દ્રષ્ટિ કરે છે પણ વિદ્યાવાળી દ્રષ્ટિ રાખતો નથી યાદ આવ્યું ? બોલો ? તમારે ઘેર ઘરમાં લાઈટ હોય પણ અંધારામાં ફરો તો શું કર્યું કહેવાય ? કે છતી લાઈટે અંધારામાં ફર્યા.

**ક્રમશ...**

રજુ. લત્તા અરવિંદભાઈ માંગુકિયા ❁
(દડવા)

॥ જય સચ્ચિદાનંદ ॥

સદ્‌ગુરૂ ભગવાનના ચરણમાં કોટિ કોટિ વંદન આપણી આ દિવ્ય પરંમપરામાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ મળ્યા તે આપણા અહોભાગ્યા છે કે જેથી પરમાત્મા સુધી પહોંચી શકીએ.

ઉનાળાના વેકેશન દરમ્યાન સુરતના આંગણે પરમ પુજ્યશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યજી એ આપણને અમૃતવાણીનો લાભ આપ્યો અને તેના મુખેથી અમૃતવાણી નિકળી તેનુ આ રહસ્ય છે પ્રથમ તો છાન્દોગ્યોપનિષદ શું છે. તે આપણે જાણતા ન હતા પણ તેના દ્વારા સરળ ભાષામાં સમજાવ્યું કે જેનાથી શિષ્યનું કલ્યાણ થાય. આ આપણો હિન્દુ ધર્મ સનાતન ધર્મ ત્રણ પાયા ઉપર ઉભો છે. ધર્મના ત્રણ પાયા એટલે ઉપનિષદ-બ્રહ્મસુત્ર અને ગીતા એ મુખ્ય છે. બીજી ભાષામાં શ્રૃતિ સ્મૃતિ અને સુત્ર પરમાત્માનું સાચુ સ્વરૂપ જાણવું હોય તો ત્રણ ગ્રંથ દ્વારા સિધ્ધ થઈ શકે છે.

ભગવાન શ્રી શંકરાચાર્ય દ્વારા ૧૨૨૭ વર્ષ પહેલા ભાષ્યની રચના કરી ત્રણ ગ્રંથોનું તાત્પર્ય બતાવ્યું પરમાત્મા સર્વ વ્યાપક છે મનુષ્યની રૂષી અલગ અલગ હોવાથી અલગ અલગ જણાય છે. ભગવાન શ્રી શંકરાચાર્ય જ્ઞાના અવતાર છે જેના વચન અને વેદ વચનમાં કોઈ ભેદનથી જયારે જયારે જેવી જરૂર હોય તે માટે પરમાત્મા અવતાર લઈને આવે છે. ધર્મની રક્ષા શાસ્ત્ર અને શસ્ત્ર વડે કરે છે તેથી બે જગદ્‌ગુરૂ કહેવાયા એક ભગવાન શ્રી કૃષ્ણ જેણે શાસ્ત્ર અને શસ્ત્ર બન્ને વડે ધર્મની રક્ષા કરી અને બીજા ભગવાન શ્રી શંકરાચાર્ય જેણે શાસ્ત્ર વડે ધર્મની રક્ષા કરી.

સામવેદિય છાન્દોગ્યોપનિષદના અધ્યાય ૬ માં ઉદાલક-શ્વેતકેતુ નો સંવાદ જેમાં બ્રહ્મનું સ્વરૂપ સમજવાનું છે. તેમાં છંદનું ગાન હોવાથી તેનું નામ છાન્દોગ્યોપનિષદ છે. ઉપનિષદનો અર્થ બ્રહ્મવિદ્યા
ઉપ = એટલે સમીપ (સાંભળવું-સમજવું-ઘટાવું)
ની=એટલે નિશ્ચય કરવાથી (શ્રવણ-મનન-નિદિધ્યાસન)
ષદ=એટલે બંધન દુર થાય (સંસરથી સુટી શકાય)

આ ઉપનિષદનો અર્થ સમજાય તો બ્રહ્મ તરફ ગતી થાય બ્રહ્મ વિદ્યાથી મહાન કોઈ વિદ્યા નથી. તે બ્રહ્મનું સ્વરૂપ ઉદાલક આરૂણી તેના પુત્ર શ્વેતકેતુને બતાવે છે. જીવનની પહેલી અવસ્થા બ્રહ્મચર્ય અવસ્થા છે તેથી શ્વેતકેતુના પિતા કહે છે. તું બ્રહ્મચર્ય પાળી આચાર્યની પાસે જા હે સૌમ્ય (પુત્ર) આપણા કુળમાં નામ માત્રનો બ્રહ્મ રહ્યો નથી એટલે કે કોઈ પણ બાળક ભણ્યા વિનાનો નથી. આપણી ભારતીય અઢાર વિદ્યા છે. બાર વર્ષનો શ્વેતકેતુ આચાર્ય પાસે ગયો અને ચોવીસ વર્ષનો થયો ત્યાં સુધી વેદવિદ્યા ભણી પોતાને મહાન સમજવા લાગ્યો વિદ્યાનું અભિમાન ઉપજ્યું એથી ગર્વથી અક્કડ બની ઘેર આવ્યો. આપણી ભારતીય વિદ્યા કલ્યાણ કારક છે. તે આલોકનું અને પરલોકનું સુખ આપે છે. વિદ્યાથી વિનય, વિનયથી પાત્રતા, પાત્રતાથી ધનની પ્રાપ્તિ થાય છે અને ધનથી ધર્મ કમાય લેવો જોઈએ. વિદ્યા ધન માટે નથી ધર્મની માટે છે. ધનથી સુવિધા મળે છે પણ સુખ નય મળે ધર્મથી સુખ મળે છે સુખી થવા માટે ધનને ધર્મમાં રૂપાંતર કરવું પડે છે આપણે ધર્મની રક્ષા કરીશું તો ધર્મ આપણી રક્ષા કરે છે.

ઉદ્દાલક કહે છે હે સૌમ્ય તું પોતાને મોટો સમજનાર અભિમાન વાળો અને અક્કડ થયો છે તો શું તે આચાર્ય પાસે જાણ્યું કે જેને જાણ્યા પછી કાંઈ જાણવાનું રહેતુ નથી જેને વિચારવાથી બધુ વિચારાય જાય છે જેને સાંભળવાથી બધુ સંભળાયેલું બને છે. શ્વેતકેતુ એ પુછ્યુ એવો ઉપદેશ કેવી રીતે થઈ શકે.
ઉદ્દાલક=ઉપદેશ આપે છે હે સૌમ્ય મનુષ્ય દેહમાં પરમાત્માને ન જાણવા વાળો તેણે બધુ ખોયુ અને પરમાત્માને જાણ્યા તો બધુ જાણ્યુ કાંઈ બાકી નથી રહેતું બ્રહ્મને જાણવા વાળો બ્રહ્મરૂપ થઈ જાય છે. દ્રષ્ટાંત જેમ માટીમાંથી બનેલા વાસણ ભલે અલગ અલગ હોય પણ વસ્તુ સદ અંદર માટી જ છે. તેમ સોનામાંથી અલગ અલગ ઘાટ ઘડીયા પણ અંતે તો સોનુ જ છે. તેમ લોઢાની એક નેયણીને સમજવાથી બનેલા દરેક ઓજારો સમજાય છે. આજ રીતે જગત બ્રહ્મમાંથી બનેલું છે. વસ્તુ સત્ સર્વમાં બ્રહ્મ જ છે.

કારણને જાણી લેવાથી કાર્યનું જ્ઞાન થઈ જાય છે. આ સંસાર ઉત્પન્ન થયા પહેલા એકમાત્ર સત હતુ બીજું કાંઈ નોતુ પરમાત્મા સજાતિય વિજાતિય અને સ્વગતથી રહિત છે. જે પરમાત્મા પરીચ્છિન્ન છે. તેને જવા આવવાનું નથી હોતું અવૈદિક ધર્માવ લંબી એમ કહે છે કે શુન્યમાંથી સંસાર ઉત્પન્ન થયો શુન્યમાંથી કેવી રીતે ઉત્પન્ન થઈ શકે સતમાંથી જ સંસારની ઉત્પતી થઈ છે. જે સત પરમાત્મા તેજ રૂપ થયા અને તેજમાંથી જળ ઉત્પન્ન થયું અને જળમાંથી અન્ન (પૃથ્વી) ઉત્પન્ન થઈ અને અન્નથી શરીર ઉત્પન્ન થયા (૧) અંડજ = પક્ષી ઉત્પન્ન થયા (૨) જરાયુજ= મનુષ્ય=પશુધન (૩) ઉદભિજ=વૃક્ષ=વનસ્પતિ પહાડ તેજ જળ અને અન્નથી ભુતો ઉત્પન્ન થયા તે ભુતોમાં ચેતન પરમાત્માએ પ્રવેશ કર્યો તેજ વાયુ આકાશ જળ અને પૃથ્વી આ પાંચ ભુત પરમાત્માથી જ છે માટે આ જગતની ઉત્પતિ પરમાત્માથી જ છે માટે સ્થીતિ અને લય પણ તેમાં જ છે.

સંસાર બે પ્રકારના છે સ્થાવર અને જંગમ બહુરૂપ થવા માટે તેજ-જળ અને અન્નને મિક્ષ કર્યા એ ત્રણેય ને મીક્ષ કર્યું એટલે તેજ દેખાવા લાગ્યું જળ વહેવા લાવ્યું અને અન્ન ખાવા યોગ્ય બનીયુ આ ત્રણેય ભુતોથી જડ અને ચેતન સંસાર બનેલો છે. આપણું શરીર જડ હોવા છતા કાર્ય ચેતનની જેમ કરે છે કારણ કે સત-ચિત્-આનંદ સ્વરૂપ પરમાત્મા જીવરૂપી દેહમાં પ્રવેશ્યા છે તેથી શરીરની સઘળી ક્રીયા, જીવ છે ત્યાં સુધી ચાલે છે તેમાંથી ચેતન્ય નિકળી જાય તો શરીર ક્રિયા કરતું અટકી જાય છે. શ્વેતકેતું કહે છે તો પરમાત્મા જીવ રૂપ થઈને શા માટે દુઃખી થાય છે તો પરમાત્મા જીવરૂપથી પ્રવેશ આભાસ માત્ર છે.

દા.ત. દર્પણ=અરીસો. અરીસામાં જેમ આપણું શરીર દેખાય તેમ બીંબમાં પ્રતિબીંબનો પ્રવેશ તેમ પરમાત્માનો આ દેહમાં પ્રવેશ છે. વસ્તુ સદ તો પરમાત્મા અસંગ નિર્લેય છે તેને ન જાણવા ને લીધે આપણે પોતાને દુઃખી માની રહ્યા છીએ તેથી જીવરૂપ થયા અને નામરૂપ અલગ અલગ બનાવ્યા ! અગ્નિમાં ત્રણ રૂપ દેખાય છે. સફેદ જળનો શુભ રંગ તે છે, લાલ રંગ તે તેજનો છે કાળો રંગ અન્ન એટલે પૃથ્વીનો છે. તેમ ત્રણ ભુતોથી આ શરીર બન્યું છે તેમાં જીવ ભાવ કેવી રીતે આવે છે. તે મને સમજવો એમ શ્વેતકેતુ કહે છે. ઉદાલક બતાવતા કહે છે કે જેમ સૂર્યનું પ્રતિબિંબ જળમાં પડે પણ જળ મલીન હોય તો સૂર્યને દોષ નથી લાગતો તેમ પરમાત્માને અંતઃકરણમાં રહેવા છતાં કોઈ દોષ નથી લાગતો સુર્યનું પ્રતિબિંબ જળના પાત્રમાં પડે છે પણ પાત્ર ફુટી જાતા પ્રતિબિંબ બિંબની સાથે એક થઈ જાય પણ સૂર્યનો નાશ નથી થાતો તેમ અંતઃકરણનો સંબંધ છુટી જાય તો જીવ ભાવ મટી જાય છે જીવ સદરૂપ પરમાત્માની સાથે એક થઈ જાય છે. હે સૌમ્ય એ ત્રણેય દેવો મનુષ્યના શરીરમાં કેવી રીતે ત્રેવડા થયા છે. તે જાણ, ખાધેલા અન્નના ત્રણ ભાગ થાય છે તેમાં સ્થુળ ભાગ હોય છે તેનો મળ થાય છે જે મધ્યભાગ છે એનો રસ બનીને છેવટે માસ થાય છે અને જે સુક્ષ્મ ભાગનું મન બને છે. તેમ પાણીના પણ ભાગ થાય છે. સ્થુળ ભાગનું મુત્ર થાય છે, મધ્યમભાગ હોય છે તેનું લોહી બને છે. જે બહુ સુક્ષ્મ ભાગ તેના પ્રાણ બને છે. ખાધેલા તેજ (તેલ અને ઘી) ના ત્રણ ભાગ થાય છે. સ્થુલ ભાગના હાડકા રૂપ ધાતુ બને છે. મધ્યમ ભાગમાંથી ચરબી અને જે સુક્ષ્મ ભાગમાંથી વાણી બને છે. હે સૌમ્ય જેમ મથેલા દહીંનો સુક્ષ્મ ભાગ છે તે માખણ રૂપે છે ઉચે આવી તેનું ઘી થાય છે. તેમ હે સૌમ્ય ખાધેલા અન્નથી મન પુષ્ટ બને છે. તેમ પાણીથી પ્રાણ પુષ્ટ થાય છે અને તેજ (ઘી-તેલ) થી વાણી પુષ્ટ થાય છે. હૈ સૌમ્ય પુરૂષની સોળ કળા છે અન્ન વગર મનની કળા ઘટતી જાય છે. તું પંદર દિવસ ભોજન નહી કરે તો ઈચ્છા થાય તો પાણી જ પીજે કારણ કે પ્રાણ એ પાણી વગર નહિ રહિ શકે અન્નનું કાર્ય મન છે. પાણીનું કાર્ય પ્રાણ છે અને તેજનું કાર્ય વાણી છે પછી શ્વેતકેતું પંદર દિવસ ભુખ્યો રહ્યો પછી સોળમે દિવસે તેણે પિતાની પાસે આવીને કહ્યું ભગવન્ શું બોલુ ત્યારે પિતાએ કહ્યું હે સૌમ્ય ઋગ્વેદ યર્જુવેદ અને સામવેદના મંત્રો બોલ.

શ્વેતકેતુ એ કહ્યું ભગવન મને યાદ આવતા નથી પછી પિતાએ કહ્યું - હે સૌમ્ય સળગાવેલા મોટા અગ્નિમાંથી માત્ર એક આગિયા જીવડા જેવડો જ અંગારો બાકિ રહ્યો હોય તો એ પોતાનાથી નાની વસ્તુ ને પણ બાળી ન શકે તો પછી મોટી ચીજને તો કયાંથી જ બાળી શકે તેમ હે સૌમ્ય તારી સોળ કળામાંથી

માત્ર એક જ કળા બાકી રહી હોય ત્યારે તું વેદોને કેવી રીતે યાદ કરી શકે માટે તુ જમી લે પછી તું મારી વાત વધારે સમજી શકીશ પછી એ જમ્યો અને ફરીથી પિતાની પાસે આવ્યો એ વખતે તેમણે જે કાંઈ પૂછ્યું એ બધું એ સમજ્યો.

પિતાએ તેને ફરીથી કહ્યું હે સૌમ્ય સળગાવેલા મોટા અગ્નિનો માત્ર એક આગિયાં જીવડા જેવડો જ અંગારો બાકી રહ્યો હોય અને તેની ઉપર તરણા મુકીને સળગાવે તો તેનાથી મોટીચીજને પણએ બાળી શકે તેમ હે સૌમ્ય પંદર દિવસ ન જમવાથી તારી સોળ કળામાંથી એક જ કળા બાકી રહી હતી એ બાકી કળા અન્ન ખાવાથી પાછી વધી અને સળગી તેથી જ તું અત્યારે વેદોને સંભારી શકે છે હે સૌમ્ય આ રીતે જેમ મન એ અનનુ કાર્ય છે એ નક્કી થયું તેમ પ્રાણએ પાણીનું કાર્ય છે વાણીએ તેજનું કાર્ય છે. ઉદ્દાલકે પોતાના પુત્રને કહ્યું કે હે સૌમ્ય હવે મારી પાસેથી સુષુપ્તિને બરાબર સમજી લે. માણસ જયારે સુવે છે ત્યારે એ સતમાજ મળી જાય છે. સુષુપ્તિ અવસ્થામાં અંતઃકરણ નથી રહેતું તેમાં મનનો અનુભવ નથી થતો તેમાં ઈન્દ્રીયો દ્વારા કાર્ય નથી થતું તે સમયે બ્રહ્મ સાથે એક થઈ જાય છે. મે કાંઈ જાણ્યું એવું નથી - સમજાતું ત્યાં જાણવાના સાધન સમાપ્ત થઈ જાય છે. જીવ જાગ્રત સ્વપ્નમાં શબ્દ અને રૂપના સ્પર્શ કરી શકે છે. જીવ જાગતાથી લઈ સુતા સુધી વેપાર ધંધા કરે છે અને સાંજે થાકીને સુષુપ્તી અવસ્થામાં જાય પોતાના ઘરે જાય છે. તે પોતાનું જ ઘર છે. જાગ્રત અને સ્વપ્નમાં સુખનો અનુભવ થતો નથી અંતે થાકીને સુષુપ્તી અવસ્થામાં શાન્તી મળે છે (પ્રાણ રૂપ બ્રહ્મનો આશ્રય લે છે) જીવ પરમાત્માની સાથે બંધાણેલો છે તેજ સતરૂપ પરમાત્મા છે જીવભાવ સાચો નથી અંતઃકરણને લઈને થાય છે જીવ બ્રહ્મથી જુદો નથી શરીર-સંસાર પરમાત્માથી ઉત્પન્ન થયો છે.

હે સૌમ્ય અશના = ખાવાની ઈચ્છા થાય તેને કહેવાય છે.

પિપાસા = પીવાની ઈચ્છા થાય તેને કહેવામાં આવે છે. જળ ખાધેલા ભોજનને આખા શરીરમાં લઈ જાય છે. આ શરીરનું કારણ છે જળ. આ શરીર બને છે અન્નથી પણ તેનું કારણ છે જળ, તે કાર્ય કરે છે તેનું કારણ તેજ છે પણ તેજ કાર્ય છે તેજનું કારણ છે પરમાત્મા. તેનાથી ઉત્પન્ન થયું છે. સંપૂર્ણ સંસાર આવી રીતે બને છે, આ શરીરનું સત રૂપ પરમાત્મા જ છે. હૈ સૌમ્ય મરનાર મનુષ્યની વાણી મનમાં સમાઈ જાય છે. પછી બોલી શકતો નથી. મન પ્રાણમાં લીન થાય છે. પ્રાણ તેજમાં લીન થાય છે. તેજ વાયુમાં, વાયુ આકાશમાં અને એ આકાશ બ્રહ્મમાં એવી રીતે મનુષ્ય મૃત્યુ સમયે પરમાત્મા સાથે એક થાય છે. જ્ઞાની પુરૂષનો ફરીથી જન્મ થતો નથી અને અજ્ઞાની પુરૂષ જેમ સુષુપ્તીમાંથી જાગે તેમ બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આ સતરૂપ સુક્ષ્મ તત્ત્વ જ આ શરીરનું કારણ છે. તેજ આ દેહ નો આત્મા છે એજ સત્ય છે. હે શ્વેતકેતુ એ સત તું છે એમ પિતાજી એ કહ્યું ત્યારે શ્વેતકેતુ કહે છે કે પિતાજી મને ફરીથી સમજાવો બધા મૃત્યુ પ્રલય અને સુષુપ્તી અવસ્થામાં પરમાત્મામાં એક થઈ જાય તો તેનો અનુભવ કેમ નથી થતો.

દા.ત. મધમાખી અલગ અલગ રસ લઈ આવ્યા પછી હું અમુક ઝાડનો રસ છુ હુ અમુક ઝાડનો રસ છુ એવું કોઈ પણ રસ જાણી શકતો નથી એવી રીતે જ હે સૌમ્ય તેમ સુષુપ્તી મરણ પ્રલય સમયે બધા જીવો સતમાં એક થઈ જાય છે. પણ તેને ખબર ન પડવાથી કારણ પરમાત્માને નહિ જાણવાથી અજ્ઞાન હોવાથી ફરી જન્મ ધારણ કરવો પડે છે. હે સૌમ્ય ઉગમણી આથમણી નદીઓ વહે છે. એ બધી નદીઓ સમુદ્રમાં એક થયા પછી સૂર્ય વડે ખેચાયને વરસાદ રૂપે પડીને પાછી નદીઓ બનીને સમુદ્રમાં મળે છે ત્યારે વરસેલા જળને ખબર નથી રહેતી હું અમુક અમુક નદીનું પાણી છું હે સૌમ્ય આ બધી પ્રજા સતમાંથી આવી છે અને સતમા જ જવાના છે એ નથી જાણતા તેથી તે બધા પાછા તેવા ને તેવા ઉત્પન્ન થાય છે. વાઘ, સિંહ, વરૂ, ભુંડ, કીડો, પતંગીયુ, ડાંસ કે મચ્છર જે જે હોય તે એજ રૂપે એ સતમાંથી અહી આવીને જન્મે છે જેમ પાણીમાં પરપોટો ઉત્પન્ન થાયને પાણીમાં સમાઈ જાય અને નષ્ટ થઈ જાય છે તેમ આ જીવ પરમાત્મા-માંથી આવે છે ને અંતે પરમાત્મામાં લિન થાય છે. હે સૌમ્ય વૃક્ષના મુળમાં ઘા કરે કે મધ્ય ભાગમાં ઘા કરે તોય જીવતું રહે છે. તોય તે મુળ દ્વારા પાણી જમીનના રસો સારને ખેચી આનંદથી ઉભુ રહે છે. તે ઝાડમાં જીવ આત્મા રહેલો છે તેથી તેમાં રસ ઝરે છે જેમ એક ડાળી ને વૃક્ષ છોડી દે તો સુકાય જાય છે તેમ બીજી

ડાળી તેમ ત્રીજી ડાળી સુકાઈ જાય છે અને આખા વૃક્ષને જીવ આત્મા છોડી દે તો આ વૃક્ષ સુકાઈ જાય છે. તેમ શરીરનો કોઈ ભાગ નષ્ટ થાય તો શરીર નથી મરતુ પણ જયારે અંદર રહેલો આત્મા શરીરને છોડી દે તો શરીરનો નાશ થઈ જાય છે એમ જીવ વગરનું આ શરીર મરે છે પણ આત્મા એવોને એવો રહે છે એ સુક્ષ્મ તત્ત્વ જ આ સર્વરૂપ એજ તું છે આ જગત સ્થુળ છે નામ અને રૂપવાળુ છે પરમાત્મા નામ રૂપથી રહિત છે. આ જગતનું કારણ પરમાત્મા કેવી રીતે હોઈ શકે. પરમાત્મા સુક્ષ્મથી સુક્ષ્મ છે અને મહાનથી પણ મહાન છે તે આખ વડે દેખાય તેમ નથી.

દા.ત. હે સૌમ્ય પેલા વડ ઉપરથી એકફળ લઈ આવ શ્વેતકેતુ એ કહ્યું ભગવન આ ફળ લાવ્યો ઉદ્દાલકે કહ્યું - એ ફળ ને ભાગ (તોડ) એમાં શું દેખાય છે એમાંથી એક બીજ તોડ તેમાશું દેખાય છે. એમાં જીણા જીણા બી દેખાય છે. તો તેમાં આ વિશાળ વડલાનું ઝાડ સુપાયેલું છે તે બીજમાં નથી દેખાતુ છતાય તે માનવા યોગ્ય છે. શ્રધ્ધા રાખવા યોગ્ય છે તો તુટે નહિ તેવી શ્રધ્ધા હોવી જોઈએ તો જ પરમાત્માના માર્ગે આગળ વધી શકીએ. જે શ્રધ્ધા વાળો હોય તેને જ જ્ઞાન પ્રાપ્તિ થાય છે શ્રધ્ધા તત્પરતા અને ઈન્દ્રીયોનો સંયમ હોવો જોઈએ. ભગવાન શંકરાચાર્ય કહે છે. જે જીવો પાંચ વિષયોમાં જ રચ્યા પચ્યા રહે છે તે દુઃખમાંથી છુટી નથી શકતા ઉત્પતિ સ્થીતિ અને લય પરમાત્મા છે તે દેખાતા કેમ નથી. ઉદાલક કહે છે મીઠાના ગાગડાને પાણીમાં નાખી દે બીજે દિવસે કહ્યું કે મીઠાના ગાંગડાને લઈ આવ એ ગાંગડો પાણીમાં નથી જડતો તો પછી પાણી ઉપરથી ચાખ કેવુ લાગે છે શ્વેતકેતુ એ કહ્યું ખારૂ વચમાંથી ચાખ તો કેવું લાગ્યું તો કહ્યું ખારૂ મીઠું પાણીમાં ઓગળી જવાથી આખ દ્વારા દેખાતું નથી એજ રીતે પરમાત્મા જગતમાં છે પણ આખ દ્વારા દેખાતા નથી જેમ મીઠું પાણીમાં સર્વત્ર છે તેમ પરમાત્મા સર્વમાં નિત્ય છે એજ આત્મા રૂપે તારી અંદર છે એજ તુ છે પછી શ્વેતકેતું કહે છે તે પરમાત્મા શેના વડે દેખાય છે, હે સૌમ્ય કોઈ માણસ આખો બાંધીને ગાંધાર દેશમાંથી લાવીને નિર્જન વગડામાં કોઈ છોડી દે પછી એ ચારેય દિશામાં પોકારે મને આખે બાંધીને અહી લાવ્યાને છોડી મૂક્યો છે પછી કોઈ દયાળુ માણસે તેનો પાટો છોડી તેને ગાંધાર દેશ આ તરફ છે એમ કહે છે. એ દિશામાં પુછતો પુછતો એ માણસ પોતાના દેશમાં પહોંચી જાય એમ આ જગતમાં ભુલા પડેલા મનુષ્યને કોઈ જ્ઞાની સદ્‌ગુરૂ મળી જાય તો તે પરમાત્મા પાસે પહોંચી જાય આ જીવ મોહ-રાગ, દ્વેશ લોભમાં ફસાયેલો છે અને સંસારરૂપી સાગરમાં ડુબકા ખાધા કરે ને ચિલાયા કરે મને આમાંથી છોડાવા તો કોઈ આચાર્ય પુરૂષ મળે તો જેમ પેલા માણસને સાચો રસ્તો બતાવ્યો તેમ મનુષ્યને સાચો રસ્તો બતાવે એટલે ગુરુગીતામાં ગુરૂનું મહાત્મય બતાવ્યું છે પણ જેને ખબર છે કે હું આ સંસારમાં બંધાયેલો છું તે છુટવા માટે પ્રયત્ન કરે છે જેને ખબર નથી કે સંસાર. બંધન કારક છે તેને તો સંસાર જ સારો લાગે આ સંસાર દુઃખાલય છે જેમ કે વિદ્યાલય હિમાલયની જેમ આપણી સામે કેટલાય જીવ જન્મે ને મરે છે છતાય ત્રાસ નથી ઉત્પન્ન થતો કારણ કે મોહરૂપી મદીરા પીધી છે. પ્રમાદ રૂપી શુરાપાન ચડીયો છે એને તો સંસારમાં જ સુખ દેખાય છે દુઃખ તો દેખાતું જ નથી. ગુરૂ એક જ જન્મ ને મૃત્યુથી છોડાવીને સતની ઓળખાણ કરાવે છે તે જ તત્ત્વ તુ છે એજ સત્ય છે તે શ્વેતકેતુ કહે છે એજ સમજાવો.

હે સૌમ્ય સિપાઈ કોઈ માણસને પકડીને લાવેને કહે કે તે ચોરી કરી છે તેને સાચો-ખોટો જાણવા માટે ફરશી તપાવે છે ને કહે છે આ ફરશી પકડ સાચો હોય તો તે દાજતો નથી. તેમ બ્રહ્મજ્ઞાની સંતનું ચરણ લે તેનો પાછો જન્મ નથી થતો માટે પરમાત્માને જાણવા ગુરૂ ચરણ વિના સમજાય નહિ આમ નવ વાર ઉદ્દાલકે તત્ત્વમસીનો ઉપદેશ આપ્યો ત્યારે શ્વેતકેતુ ને અહંમ બ્રહ્માસીનો અનુભવ થયો હવે કાંઈ જાણવાનું બાકી નથી. આ ઉપનિષદનો અર્થ જાણવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂનું જ્ઞાન જીવનમાં અનિવાર્ય છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

વિરતા ગામના સ્વ. વસ્તારામ શિવરામભાઈ પટેલ (ઉ.વ. ૮૫) સંવત ૨૦૭૧ ભાદરવા વદ ૫, તા. ૦૨/૧૦/૨૦૧૫ ને શુક્રવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# ગુરુગીતા મહાત્મયઃ

રજુ. પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

પરમ પૂજ્ય પ્રાતાઃ સ્મરણીય પરમ આદરણીય શ્રી શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ યતિન્દ્ર વર્ય વૈદિક ધર્મધુરંધર અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર બ્રહ્મલિન પ.પૂ. સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજના શિષ્ય પ.પૂ. શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજના હરિદ્વાર અધિક માસમાં સત્સંગ આધારિત.

ભગવાન શંકર અને પાર્વતીજીના સંવાદથી સુપ્રસિધ્ધ શ્રી ગુરૂગીતા પર વિચાર કરી રહ્યા છીએ. ભગવાન શંકર અને પાર્વતીજીનો સંવાદ છે તે ગુરુ મહાત્મયને બતાવવા વાળો છે. ઉત્તર ભગવાને બતાવ્યો છે. શૌનકાદિ ઋષિયોને સૂતજી મહારાજે કહ્યું અમને તમે ગુરુમહાત્મય બતાવો. શ્રુતિઓ કહે છે કે જે આચાર્યવાન છે તે બ્રહ્મતત્ત્વ જ્ઞાન કરી શકે છે. સૂતજીએ ઋષિઓની બહુ બહુ પ્રશંસા કરી છે. છઠ્ઠા સાતમા શ્લોકમાં જે ધન્ય છે જે કૃતાર્થ છે એણે પોતાના કુળનો ઉધ્ધાર કર્યો. સૂતજી મહારાજે આ વાતને વધારે શ્રધેય બનાવવા માટે મનુષ્યની નિષ્ઠા વધે માટે સાતમા શ્લોકમાં ઉધ્ધિકરણ કર્યો છે.

**''યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ;**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશનો મહાત્મનઃ''**

શ્વેતાશવતરોપનિષદમાં સૂતજી મહારાજ એ મંત્રને પ્રમાણથી બતાવે છે. ગુરુની મહિમા બતાવે છે. જેવી દેવતાઓમાં પરાભક્તિ હોય છે જેવી દેવતામાં ભક્તિ એવી જ ગુરુજીમાં હોય તો શ્રુતિવાક્યમાં કહ્યું એના માટે મહાત્મયના હૃદયની અંદર જે પ્રયોજન કરેલું છે. પદાર્થ છે માનો. એણે બધુ પ્રાપ્ત કરી લીધું. જેવી દેવતાઓમાં ભક્તિ છે. એવી ગુરુજીમાં છે. બોલો દેવ મંદિરમાં ભગવાન છે કે નહિ ? તો છે. દેવતામાં-મંત્રમાં-વેદમાં અને ઈશ્વરમાં જેવી ભક્તિ હોય છે ને એવું ફળ મળે છે. ઉપનિષદમાં કહ્યું નિતિશાસ્ત્રમાં પણ કહ્યું દેવતા છે તેવી ભાવના હોય તો દેવતા સામે છે અને ભાવના ન હોય તો સામે ભગવાન હોય તો પણ તેનું ફળ મળતું નથી. દેવતા ભાવનામાં વિદ્યમાન રહે છે. ભાવ છે એ કારણ છે. પુરાણોમાં ભાવ અને ભક્તિના ત્રણ પ્રકાર બતાવ્યા. ઉત્તમ-મધ્યમ-કનિષ્ઠ, ઉત્તમ ભક્તિમાં જે ભગવાન મંદિરમાં છે. બધાની અંદર છે. એ ઉત્તમ છે. મંદિર જઈ ભગવાન મંદિરમાં કેવલ નહિ પણ બધાના હૃદયમાં છે. મૂર્તિ કાષ્ઠ, પત્થર, ધાતુની હોય પણ પરાત્મક નિષ્ઠા સ્થાપિત કરવા એ મધ્યમ છે. મંદિરમાં ભગવદ્ નિષ્ઠા થાય પછી બધાનામાં ભગવદ્ નિષ્ઠા થાય. અત્યારે બધા કહે મંદિરની શું જરૂર છે ? એના કરતાં હોસ્પિટલો-કોલેજો સ્કુલો બનાવો. પણ હોસ્પિટલોની જરૂર છે. કારણ આ શરીરને કોઈપણ તકલીફ રોગ થાય તો તેનો ઈલાજ થાય. પછી શિક્ષાની જરૂર છે. શિક્ષાથી અન્ય ક્ષેત્રોમાંથી પૈસા કમાવામાં આવે તે પૈસાથી ધર્મલાભ મેળવવાનો છે. આશ્રમ મંદિરથી વાપરતાં આવડશે. પૈસા કયાં વાપરવા તે ખબર પડતી નથી. ભોગમાં વાપરે પણ યોગમાં ન વાપરે. સારામાં કોમ્પીટેશન થવી જોઈએ. પૈસા કયાં અને કેમ વાપરવા એ મંદિરથી શીખવા મળશે. દેખાદેખી કરવાની પોતાની આંખ અને કાનનો કોઈ ઉપયોગ નહિ. આ વિવેક માટે મંદિર આશ્રમની જરૂર છે. ગુરુના સત્સંગની જરૂર છે. આ હોસ્પિટલમાં કે કોલેજમાં મળતું નથી. હોસ્પિટલ તો આરોગ્ય માટે છે અને આરોગ્ય મળ્યા પછી શું બેસી રહેવાનું ? ભગવાન કયાં છે એ સત્સંગથી ખ્યાલ આવશે. મનુષ્યને દેવતાઓની ભક્તિ વધે જ્ઞાન મળતાં ગુરુમાં ભક્તિ વધે. એવા જે ગુરુમાં ભગવદ ભક્તિ ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ એના અંતઃકરણમાં પ્રગટ થઈ જાય છે. મોક્ષએ પરમ પુરુષાર્થ છે. પ્રથમ ત્રણ એ ભોગોથી નાશ થઈ જાય છે. મોક્ષરૂપી ચતુર્થ પુરુષાર્થ તે નિત્ય છે. તેનો કદી નાશ થતો નથી. આમ શ્રી સૂત મહારાજે ગુરુભક્તિની પ્રશંસા કરી. માલા-મંત્ર તેની કથા છે.

**''કૈલાસશિખરે રમ્યે ભક્તિસાધન હેતવે,**
**પ્રણમ્ય પાર્વતી ભક્ત્યા શંકરં પરિપૃચ્છતિ.''**

હે ઋષિઓ રમ્ય કૈલાસ શિખરે કથાની શરૂઆત કરતાં શંકર પાર્વતી જયાં નિવાસ કરે છે. કૈલાસ શિખર એટલે રજતગીરી કૈલાસ શિખર જયાં ચોવીસ કલાક ત્રણસો પાંસઠ દિવસ બરફથી આચ્છાદિત રહે છે. રમ્ય એટલે રમણીય કૈલાસ શિખરમાં ભગવાનનો વાસ છે. જે રમણ કરવા યોગ્ય છે. કૈલાસ પર્વત શિખર ઉપર પાર્વતી ભગવાન શંકરને પુછે છે. ભક્તયા એટલે ભક્તિપૂર્વક તું તત્ત્વદર્શી જ્ઞાનીજનો પાસે જઈએ એમની સેવા કરીને કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પુછવાથી જ્ઞાની મહાત્માજનો તને એ તત્ત્વજ્ઞાનનો

ઉપદેશ આપશે.

**''તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા;**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ''**

આત્મજ્ઞાન મેળવવા માટે ગુરુશરણ જરૂરી છે. સેવા જરૂરી છે. બાહ્ય સાધન તો એવું છે. ભાવના ન હોય પણ પ્રણિપાદ કરે સેવા કરે પરિપ્રશ્નેન કરે તોય એ સાચો લાભ મળતો નથી. બાહ્ય સાધન આવશ્યક છે તેવી રીતે અંદર સાધન આવશ્યક છે. પ્રણિપાત એટલે નમસ્કાર. નમસ્કાર કરતાં દેહનું અભિમાન આવે છે. દેહનું અભિમાન શેનું ? દેહનું અભિમાન કરવું નહીં. આ દેહમાં એક પણ પરમાણું જેટલું એવું નથી કે જેનું અભિમાન થાય. માથું બહું ભારે છે. આપણું સંપૂર્ણ શરીર છે એમાં પરમાત્મા પ્રતિ નત મસ્તક હોય તો ભગવાનની જવાબદારી છે. ભગવાન ધ્યાન કયારે રાખે કે જયારે આપણું અભિમાન દૂર થાય. આ શરીર સ્વભાવથી દુર્ગંધી અપવિત્ર છે.

એકવાર એક શિષ્ય મહાત્માની પાસે જઈને કહેવા લાગ્યો સ્વામીજી મારે તમારો શિષ્ય થવું છે. ગુરુજી કહે કે હું કહું તે કામ કર. ગુરુની અંદર પોતાનું અસ્તિત્વ મટાડી ગુરુની અંદર સ્થિત થવું. જેનાથી કોઈ બીજો ખરાબ ન હોય એવી ખરાબમાં ખરાબ વસ્તુ લાવીને મને આપ. શિષ્ય કહે એમાં શું ? ઘણી વસ્તુ છે. રસ્તામાં કાંટો પડયો હતો. આ શું કામનો છે ? તે બધાને વગાડે છે. તો કાંટો બોલ્યો હું ખરાબ નથી. કોઈને કાંટો વાગ્યો હોય તો મારા દ્વારા કાઢવામાં આવે છે. મને નકામો ન સમજ. આગળ રસ્તામાં પત્થર પડયો હતો. પત્થર શું કામનો છે ? પત્થર કહે મને નકામો ન સમજ. હું કોઈ કારીગર ના હાથમાં જાઉં તો મને મૂર્તિ બનાવે તો હું દેવ મંદિરમાં જાઉં. તો આખી દુનિયા મને નમે છે. બધા કામના છે. તો માનવનું મળ છે તે બહું નકામું છે. તેને ઉપાડું. તો માનવનું મળ બોલ્યું તું મને નકામું ન સમજ. મારી તો બહું સારી સ્થિતિ હતી. હું દુકાનમાં સજાવું છું. પણ મનુષ્યનાં સંગ ગ્રહણ કરવાથી આ મળની મારી આ હાલત થઈ. છતાંય પણ મારા ગુણો છે. મને ખેતરમાં નાખવામાં આવે તો હું ખાતર થઈ જાઉં છું. એટલે શિષ્યને નક્કી થયું કે કશું જ નકામું નથી. એટલે શિષ્યે ગુરુજીને દંડવત પ્રણામ કરી કહ્યું કે આ મારું શરીર નિષ્કૃત છે. મહાત્માને પોતાને સોંપી દીધો. મહારાજે તેને શિષ્ય બનાવી દીધો.

**''તેજ દેહાભિમાન,મિથ્યા સુખ સારું શું ફોગટ ફુલે,**
**સત્ય વચન વિચાર વાર વાર સંસાર વિષે શું ભૂલે.''**

દેહનું અભિમાન છે તે સર્વ પ્રથમ દૂર થાય તો આત્મ-જ્ઞાન પ્રસરી જાય. આરતીમાં દંડવત કરી નમસ્કાર કરી થઈ રહ્યો છે, વાણીથી ઉચ્ચારણ થાય છે અને મનની અંદર નમસ્કારની ભાવના છે. એટલે પૂર્ણ નમસ્કાર કહેવાય. વાણી અને મન પણ જોડાયેલા હોવા જોઈએ. આરતીમાં પાંચ દંડવત નમસ્કાર કરીએ છીએ.

**''શ્રી માધવાનંદ ગુરું નમામિ,**
**શ્રી માધવાનંદ ગુરું ભજામિ,**
**શ્રી માધવાનંદ ગુરું વદામિ,**
**શ્રી માધવાનંદ ગુરું સ્વરામિ.''**

આ આપણે વાણીથી બોલીએ છીએ. મનથી પણ હું મારા ગુરુજીને નમસ્કાર કરું છું. ગુરુજીનું સ્મરણ કરું છું. ભજન-નમન-વદન અને સ્મરણ આ ચારથી ગુરુ ભક્તિ થાય છે. નમન પ્રથમ આવશ્યક છે. શરીરથી જ નહીં ભજન વદન અને સ્મરણ મનુષ્યમાં રહે તો દેહનું અભિમાન દૂર થઈ જાય છે. પાર્વતિજીએ ભગવાનને નમસ્કાર કર્યા. સેવા કરે છે. ભજન એટલે શું ? ભજ ધાતુ છે તે ધાતુથી ભજન બને છે. ગુરુજીની સેવા કરવી એ ભજન છે. ઉતરોતર સેવા છે તે ભજન છે. ગુરુ સેવા કરવી એ બહું કઠિન છે. બીજી બધી સેવા થઈ જાય. મૂર્તિ તો બોલે નહિ. ટાઈમે ભોગ લગાડો છે કે નહિ ટાઈમે આરતી ભજન ન થાય તો ન બોલે. એટલે મૂર્તિ પૂજા કરતાં ગુરુજીની સેવા કઠિન છે. દેહનું અભિમાન દૂર કરીને જીજ્ઞાસું શિષ્યે ગુરુજીની સેવા કરવી જોઈએ. સેવાથી ભગવાનને પણ વશ કરી શકાય છે. આગળ પાર્વતિ ઉવાચ,

**''ૐ નમો દેવ દેવેશ પરાત્પર જગદ્‌ગુરો,**
**સદાશિવ મહાદેવ ગુરુદીક્ષાં પ્રદેહિ મેં.''**

પાર્વતિજીએ ભગવાનને જે પ્રશ્ન કર્યો હતો તે સૂતજી મહારાજ શૌનકાદિ ઋષિને બતાવે છે. પાર્વતિ બોલ્યા ભગવાન રામ થયા બોલો આપણે કોઈએ જોયા છે ? તો ના, પણ રામાયણ પ્રમાણ છે. મહર્ષિ વાલ્મીકીએ એની રચના કરી. રામ માટે પ્રમાણભૂત રામાયણ છે. ભગવાન રામને હજારો વર્ષ થઈ ગયા. અત્યારે વર્તમાન કાળ ચાલે છે. એ પહેલાં વ્યતિત થઈ ગયું છે તેને ભૂતકાળ કહેવાય. ભગવાન શંકર પાર્વતિજીને વાત કહે એને હજારો વર્ષો થઈ ગયા એટલે બોલ્યા હતા. આ ઉપરના નવમા શ્લોકમાં ૐકાર રૂપ ભગવાન શંકર છે. સમગ્ર શાસ્ત્રની અંદર ૐકારનું

પ્રતિપાદન છે. કઠોપનિષદમાં યમરાજા નચિકેતાને કહે છે સર્વ વેદોનું વર્ણન કરે છે. તપ વડે સાધનો જેના માટે છે. જેની ઈચ્છાથી બ્રહ્મચર્યની સાધના અનુષ્ઠાન કરે છે. એ નચિકેતા એ તને કહું છું એ ૐ છે. ૐ એ એક અક્ષર છે. ભગવાન કહે જે મૃત્યુ વખતે ૐ બોલતા શરીર છોડે છે તે ભગવાનને પ્રાપ્ત થઈ જાય છે. ભગવાનને પ્રિય નામ ૐ છે. ભગવાનનું મૂળભૂત નામ એ ૐકાર છે. ગુણકૃત નામ છે. ૐકાર સ્વરૂપ જે પરમાત્મા રામ કહીએ છીએ તે રામ શબ્દ અર્થ શું છે ? તો કહ્યું જે યોગી છે ભગવાનનો ભક્ત છે. જ્ઞાની એમાં રમણ કરે છે. એને રામ કહેવાય. કૃષ્ણ નામ કેમ ? તો તેની અંદર ગુણો છે. જે પાપોનું કર્ષણ કરે છે. ભૂમિને ખોદો જયારે જયારે આવશ્યકતા પ્રમાણે ભગવાન સ્વેચ્છાએ દેહ ધારણ કરે છે. અને એક નહિ ઘણા દેહધારણ કરે છે. આ વિશ્વનો ઉધાર કરવા માટે એ ભગવાન સ્વતંત્ર રીતે પોતાના પુરુ રૂપ ધારી બ્રહ્મરૂપથી દિપકને ધારણ કરનાર પરમાત્મા છે. આવા ગુરુજીનું હે પાર્વતિ તું ધ્યાન કર. આ ગુરુ મહિમા છે. એવા ગુરુજીને તું નમસ્કાર કર.....

## કર્મફળ

રજુ. નરશીભાઈ વાલજીભાઈ વઘાસિયા
પીપળીયા (હાલ સુરત)

પ્રાણીમાત્ર સવારે જાગે ત્યારથી રાત્રે સુઈ જાય ત્યાં સુધી કર્મ કરે છે. આપણે જે કઈ પણ કામ કરીએ છીએ તેને કર્મ કહેવાય છે. ખાવું-પીવુ, નાહવુ-ધોવું, ચાલવું, સાંભળવું, સુંઘવું, સુખ દેવુ, દુઃખ દેવુ, પાપ-પૂણ્ય કરવુ, શ્વાસોશ્વાસની ક્રિયા વગેરે કર્મ કહેવાય. જે કંઈ પણ કર્મ કરીએ તેનું ફળ અવશ્ય ભોગવવું પડે. દેવ-દાનવ, માનવ તથા સ્વયં ભગવાન ને પણ પોતાના કર્મોના ફળ ભોગવવા જ પડે છે. દરેક ભોગ પદાર્થ કર્મનું જ ફળ છે, તેને ભોગવ્યા વિના તેમાંથી છૂટકારો થતો નથી. પરંતુ વિવેક અને સમજણથી એટલે કે આસક્તિ અને અહંકાર રાખ્યા વગરના ભોગ પદાર્થ ભોગવવાથી કર્મનું બંધન થતું નથી. મનુષ્ય યોનિ સિવાય બીજા જીવને કર્મનું બંધન થતું નથી.

સામાન્ય રીતે તમામ પ્રકારના કર્મ ફળો કાચા અને અશુધ્ધ હોય છે. અશુધ્ધ કર્મફળને શુધ્ધ કરવા પડશે. ત્યારબાદ શુધ્ધ કર્મફળ ભોગવવામાં આવે તો નુકસાન કરતા નથી. કર્મફળને લાગેલી અશુધ્ધિઓ ત્યજવાની, ત્યાગવાની છે. જેવી રીતે બજારમાંથી ખરીદેલા શાકભાજી તથા ફળો કાચા, સડેલા અને અશુધ્ધ હોય તો, પહેલા પાકવા દેવા પડે. પાડયા પછી સડેલા ભાગને દુર કરી સ્વચ્છ પાણીથી ધોઈને ઉપયોગમાં લેવાથી નુકસાન કરતા નથી. પણ લાભ કરે છે. આમ કર્મ અણીશુધ્ધ અને દોષ મુક્ત હોવા જોઈએ. શુધ્ધ કર્મો માનવીને કોઈ પણ સંજોગોમાં કનડશે નહી. કર્મફળને અહંકાર, આસક્તિ અને આધિનતાની અશુધ્ધિઓ લાગેલી હોય છે. જે કર્મફળને દુષિત કરે છે. જેથી કોઈ પણ ભોગ પદાર્થ ભોગવતી વખતે અહંકાર, આસક્તિ કે આધિનતા ન થવા જોઈએ. આ ઉપરાંત નાની-મોટી અશુધ્ધિઓને દૂર કરી, નિકાલ કર્યા પછી કર્મફળનું જે શુધ્ધ સ્વરૂપ ઉભરીને બહાર આવે છે. તે કર્મફળ જીવાત્માને સુખી કરી પરમાત્માના પરમ-આનંદનો અનુભવ કરાવે છે. શુધ્ધ થયેલા ભુંજેલા કર્મફળમાંથી નવા કર્મફળનો ફણગો ફુટતો નથી. એમાંથી નવો ફણગો ફુટે તેવું તત્ત્વ જ બળી ગયેલું હોય છે. આવા અણીશુધ્ધ અને દોષ રહિત કર્મફળ ભોગવનાર માનવ પોતાના સંચિત કર્મો ભોગવીને પુરા કરે છે. પછી નવા કર્મફળ આકાર લેતા નથી. તેથી કોઈક જન્મારે સંપૂર્ણ મુક્ત બની પરમપદને પામે છે.

દરેક જીવ માતાના ગર્ભમાં દાખલ થાય ત્યારે પ્રારબ્ધ કર્મના આધારે જ તેનો કોષેરો તૈયાર થાય છે. ત્યારબાદ જીવ જન્મ લે છે. જન્મતાની સાથે જ જીવને પ્રારબ્ધ કર્મ ભોગવવાનું ચાલુ થાય છે. પ્રારબ્ધ કર્મ ભોગવી લીધા પછી જ તે જીવનું મૃત્યુ થાય છે. પ્રારબ્ધકર્મ પૂર્ણ થયા પહેલા જીવનું મૃત્યુ શક્ય નથી. પ્રારબ્ધ કર્મ પૂર્ણ થયા પછી જે તે શરીરમાં જીવ એક ક્ષણ પણ રહી શકતો નથી. એજ જીવને સંચિતકર્મ જમા હોય તો પ્રારબ્ધ કર્મ તૈયાર થતા જ જીવ બીજા ગર્ભમાં દાખલ થઈ નવો જન્મ ધારણ કરે છે. પરંતુ દરેક ક્રિયામાણ કર્મ તથા સંચિતકર્મ બળીને ભસ્મીભૂત થઈ ગયા પછી જીવ "મોક્ષપદ" ને પ્રાપ્ત કરે છે અને જન્મ-મરવનો ફેરો ટળે છે.

# વસ્તડી ચાતુર્માસની ઝાંખી

ઝાલાવાડ મધ્યે ગામ વસ્તડી કે જે પ.પૂ. પ્રગટ બ્રહ્મ સ્વરૂપ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજની જન્મભૂમિ વસ્તડીની અંદર તા. ૨૯-૭-૨૦૧૫ ના રોજ પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના પવિત્ર ચરણ સ્પર્શથી વસ્તડીની ભૂમિ પવિત્ર બની છે.

તા. ૩૧-૭-૨૦૧૫ થી તા. ૨૯-૯-૨૦૧૫ સુધી વસ્તડી ધામમાં સ્વામીજી ચાતુર્માસ દરમિયાન રોકાણ કર્યુ હતુ. વસ્તડી ધામમાં તા. ૨૯-૭-૨૦૧૫ ના રોજ પધરામણી કરી અને સ્વામીજીના ભવ્ય સામૈયા કરવામાં આવ્યા. શોભાયાત્રા દ્વારા સ્વામીજી તથા સર્વે સેવકો આશ્રમે પધાર્યા સર્વેને સ્વામીજીએ આશીર્વાદ પાઠવ્યા.

**વસ્તડી ગુરુપૂર્ણિમા મહોત્સવ :–**

બાર મહિને એકવાર આવતી અષાઢ સુદ પૂર્ણિમા એટલે "ગુરુ પૂર્ણિમા" કહેવાય છે. "જીવનમાં ગુરુનું મહત્વએ આપણે જાણીએ જ છીએ કે ભગવાનના અવતારમાં પણ તેઓએ ગુરુજીનું શરણું પ્રાપ્ત કર્યુ હતું." ગુરુ પૂર્ણિમાના દિવસે પ્રાતઃકાળે સ્વામીજીની સાથે સર્વે સેવકોએ ભોગાવો નદિમાં (નીલમ ગંગામાં) પવિત્ર સ્નાન કર્યુ. પ.પૂ. સ્વામીજી, મહારાજશ્રી જગદીશાનંદ સાગરજી, સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ અને બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજની અધ્યક્ષતામાં ગુરુપૂર્ણિમા મહોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો. ગુરુપુજન બાદ સર્વે સેવકોએ મહાપ્રસાદ લીધો.

**''જીવનમાં કહેવાય છે ને કે ગુરુવિનાનું જીવનએ નાવિક વિનાની નાવડી જેવું હોય છે.''**

અમારા જીવનમાં સ્વામીજી મળવાથી સંસારરૂપી સમુદ્રમાંથી નાવડી કેવી રીતે તારવી તેનું આત્મજ્ઞાન મેળવવાનો લાભ મળ્યો હતો.

**ચાતુર્માસ દરમિયાન કથા પ્રવચન :–**

શ્રી પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજીની અધ્યક્ષતામાં સવારે ૬ કલાકે રોજ ગુરુગીતાનો પાઠ બપોરે ૩:૩૦ થી ૪:૦૦ ભજન-કિર્તન સાંજે ૪:૦૦ થી ૫:૩૦ પ્રવચન-આરતી અને રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ પ્રાર્થના પ્રવચન અને સ્વામીજી દ્વારા શ્રીમદ્ ભાગવદ્ કથાનું સરળ ગુજરાતી ભાષામાં સર્વે સેવકોને રસપાન કરાવવામાં આવતું હતું.

**પુનમ–અમાસના ઉત્સવો :–**

પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચાતુર્માસ દરમ્યાન આવતી દરેક પુનમ-અમાસની ધામધુમથી ઉજવણી કરવામાં આવતી હતી. તે દરમિયાન સ્વામીજી સાથે સર્વે સેવકો વહેલી સવારે ભોગાવો નદિમાં (નીલમ ગંગામાં) પવિત્ર સ્નાન કરતા. ગુરુગીતા નાનો-મોટો પાઠ પુજા-આરતી કરતા અને સર્વે સેવકો મહાપ્રસાદ લેતા હતા.

**જન્માષ્ટમી ઉત્સવ :–**

શ્રાવણ માસમાં આવતો મહાપર્વ એવો જન્માષ્ટમીનો તહેવારની ઉજવણી સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આવા પવિત્ર દિવસ નિમિત્તે સ્વામીજીની અધ્યક્ષતામાં વસ્તડી ગામમાં ગામના ઠાકરમંદિરથી સવારે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યુ અને સવારે ૧૦:૦૦ કલાકે સ્વામીજીની અધ્યક્ષતામાં મટકીફોડનો કાર્યક્રમ ધામધુમથી ઉજવાયો. આ ઉપરાંત શ્રી માધવાનંદ આશ્રમ વસ્તડીમાં જન્માષ્ટમીના દિવસે રાત્રિના સમયે સ્વામીશ્રીની અધ્યક્ષતામાં શ્રી કૃષ્ણ જન્મ અને રાસ-ગરબા તેમજ મટુકી ફોડનો કાર્યક્રમ સેવકો દ્વારા ખૂબ જ હર્ષ-ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો.

**વ્યસન મુક્તિ :–**

સ્વામીજીના પ્રતાપથી ગામના વ્યસન કરતા વ્યક્તિઓને પોતાના જીવનમાં ગુરુ મળવાથી સાચો માર્ગ મળતા તેઓએ જીવનમાં ગુરુના પ્રતાપથી વ્યસન મુક્તિ મેળવી છે. આ ઉપરાંત સ્વામીજીના શાંત અને નિર્મળ સ્વભાવથી યુવાનો અને વડીલોના જીવનમાં વ્યસન મુક્તિ અને ભક્તિ ભાવ જાગ્યો છે જેનું વર્ણન થઈ શકે તેમ નથી.

**''જીવનમાં વ્યસન એ મૃત્યુદ્વાર છે.''**

આ મૃત્યુદ્વાર તરફ જતા લોકોને પાછાવાળી જીવનમાં આત્માનું જ્ઞાન સ્વામીના પ્રવચનમાં મળ્યું. આજે આ વ્યસન મુકેલ વ્યક્તિઓના મુખેથી સાંભળેલ વાત છે કે "આપણા જીવનનો ઉત્તમમાં ઉત્તમ લાહવો મળ્યો છે." સ્વામીજીના પ્રવચન, ભજન-કિર્તન, આરતી પ્રાર્થનાના કારણે વ્યક્તિઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

**''ખોટા માર્ગ પર ભટકેલા મનુષ્યને,**

**ગુરુ મળતા સાચો માર્ગ મળ્યો છે.''**

કહેવાય છે, ને કે ખોટા માર્ગ પર ભટકેલ વ્યક્તિને સાચો માર્ગ બતાવનાર ગુરુ કહેવાય છે. તેમ આ વ્યક્તિઓ કે જે વ્યસનના કાટાળા માર્ગ પર ચાલતા હતા તેઓને ગુરુજી મળવાથી **સાચો જીવનનો માર્ગ** મળ્યો છે. આ ઉપરાંત ઘણા વ્યક્તિઓના વહેમ અને વ્યસન છોડાવ્યા છે.

**વસ્તડી ગામના સેવકોના ઘેર સ્વામીજી ભિક્ષા લેવા પધાર્યા :–**

સ્વામીજી અમો સેવક ભાઈઓના ઘેર લેવા પધાર્યા એ અમારા સેવક ભાઈઓના ધન્ય ભાગ્ય છે. આ ઉપરાંત સેવકભાઈ ઓના ઘરે પધરામણી કરી એ વસ્તડી સેવક ભાઈઓના અહોભાગ્ય કહેવાય. આ ઉપરાંત સ્વામીજી નાના-મોટાનો ભેદ રાખ્યા વિના સર્વને સમાન ગણી સર્વેના ઘેર પધરામણી કરતા. આમ, અમારા ગામને **માધવનગર** બનાવ્યું.

**સાંજે સ્વામીજી ચાલવા જતા :–**

સ્વામીજી સાંજે ૫:૩૦ કલાકે પ્રવચન પૂર્ણ થતા ચાલવા જતા. આ સમયે અમે સેવક ભાઈઓએ અમારા "ટ્રેનિંગ ગ્રાઉંડે" વૃક્ષારોપણ કરવા, પધારવા કહ્યું. ત્યારે તે વૃક્ષારોપણ કરવા પધાર્યા. આ ઉપરાંત સ્વામીજી ચાલવા જતા હતા ત્યારે તેઓ અમારા સેવક ભાઈઓના ખેતરે પધાર્યા હતા. અમને સ્વામીજીના પ્રવચનનો લાભ ખેતરે જઈને પણ મળતો હતો. આ ઉપરાંત ચાલવા જતા ત્યારે **ઔષધ વનસ્પતિનું જ્ઞાન આપ્યું.**

**સ્વામીજી સાથે સ્નાન :–**

સ્વામીજી સાથે સેવકભાઈઓ ૪:૩૦ કલાકે ઋષિ પાંચમ, પુનમના દિવસે સ્નાન કરવા વસ્તડી ભોગાવામાં (નીલમગંગામાં) જતા હતા. આ ઉપરાંત અમે કયારેક બપોરે પણ સ્વામીજી સાથે સ્નાન કરવા જતા હતા. બપોરે સ્વામીજી પાણીમાં **પદ્માંશન સ્થિતિમાં** પાણીમાં રહેતા હતા. જેને તરતા નથી ફાવતુ તેવા સેવકોને ભય દુર કરી તરતા શિખવાડયું અને બોધ આપ્યો કે

**''જીવન રૂપી સાગરને પણ આત્મારૂપી જ્ઞાન વડે તરી જવાનો છે.''**

**ચાતુર્માસ પૂર્ણાવૃત્તિ સમયે :–**

ચાતુર્માસ પૂણાવૃતિ સમયે સ્વામીજી સાથે સર્વ સેવકોનો પ્રવાસ થયો. જેમાં પ્રવાસના જુદા-જુદા સ્થળો જેવા કે વસ્તડી થી આકરું, ડાકોર થી ઓજરાળા થઈ ચાણોદ વગેરે સ્થળો હતા.

## ગુરૂ અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે.

રજુ. ભૂમિબેન અનિલભાઈ માંગુકીયા
સુરત (દડવા)

'ગુરૂ' શબ્દ બે અક્ષરોથી મળીને બને છે. 'ગુ' અને 'રૂ'. 'ગુ' નો અર્થ થાય છે અંધકાર તથા 'રૂ' નો અર્થ થાય છે પ્રકાશ (તેજ) આ રીતે ગુરૂ શબ્દનો અર્થ થયો જે પોતાના પ્રકાશથી, પોતાના જ્ઞાનથી શિષ્યોના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી શકે. ગુરૂનો અર્થ ફક્ત અક્ષરજ્ઞાન કરાવવા સુધી સીમિત નથી. ગુરૂ એ છે જે દરેક પ્રકારના અંધકારને દૂર કરીને મનુષ્યના જીવનને સાર્થક બનાવી દે. સાચુ કહીએ તો ગુરૂ કોઈ વ્યક્તિ નથી પણ એક શક્તિનું નામ છે, એ શક્તિ જે અંધકારને દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવે. જોવામાં ભલે ને ગુરૂ એક સાધારણ માણસ લાગતા હોય પરંતુ વાસ્તવમાં તેઓ શક્તિનો એક પુંજ છે જે જીવનના સમસ્ત અંધકારને દૂર કરવામાં સમર્થ હોય છે.

બોલચાલની ભાષામાં ગુરૂ એ વ્યક્તિને કહેવામાં આવે છે, જે આપણી જિજ્ઞાશાઓનું સમાધાન કરે, માર્ગદર્શન આપે અને આપણા વિકાસમાં સહયોગ આપે. એટલે એક વ્યક્તિના અનેક ગુરૂ હોઈ શકે છે. **જે આપણી ભૌતિક ઉન્નતિમાં સહાયતા કરે તેને સામાન્ય ગુરૂ કહે છે. પણ જે આપણા આત્મિક ઉન્નતિમાં સહાયતા કરે તેને સદ્‌ગુરૂ કે આધ્યાત્મિક ગુરૂ કહે છે.** સદ્‌ગુરૂએ હોય છે. જે વ્યક્તિને જીવન-મરણના બંધનમાંથી મુક્ત કરવામાં અને પરમાનંદ સ્વરૂપ ઈશ્વર મેળવી આપવામાં સક્ષમ હોય છે.

આપણી ચેતનાના કેટલાય સ્તર હોય છે - અચેતન, અવચેતન, ચેતન અને પરમચેતન. અચેતન-ચેતનાનું સૌથી નિમ્ન સ્તર છે, જેનાથી આપણે સાધારણ રીતે માહિતગાર નથી હોતા તેનો પ્રભાવ અપ્રત્યક્ષ રીતે આપણા જીવન પર પડતો રહે છે કારણ કે અહીં આપણા પૂર્વ સંચિત કર્મ બીજરૂપે રહે છે જેને સંસ્કાર કહે છે. આપણુ આખુ જીવન આ સંસ્કારોથી પ્રભાવિત થાય છે. અવચેતન ચેતનાનું એ સ્તર છે, જેને આપણે સ્વપ્ન તથા અન્ય સંકેતોના માધ્યમથી જાણી શકીએ છીએ. આ અચેતન તથા

ચેતનની વચ્ચેની સપાટી છે તથા તેના માધ્યમથી આપણે અચેતનથી માહિતગાર થઈ શકીએ છીએ.

આનાથી ઊલટું ચેતન-ચેતનાનું એ સ્તર છે જેનાથી આપણે જાગૃતરૂપે પરિચિત છીએ. વર્તમાન સમયમાં બની રહેલી તમામ ઘટનાઓથી આપણે આના માધ્યમથી જ પરિચિત થઈ શકીએ છીએ. ચેતનાનું સૌથી ઉચ્ચસ્તરિય સ્તર પરાચેતન છે, જયા આપણને આત્મિક અનુભૂતિ થાય છે. આ સ્તરમાં પ્રવેશ કરવા માટે સદ્‌ગુરૂની આવશ્યકતા હોય છે. સદ્‌ગુરૂ અચેતનના સંસ્કારોને કાપવામાં તથા પરાચેતનામાં પ્રવેશવા માટે સહાયતા કરે છે જે દરેક માટે સંભવ હોતુ નથી.

તેવી રીતે આપણા જીવનમાં પણ અનેક આયામ હોય છે. જેને આપણે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આયામ કહીએ છીએ. સ્થૂળ આયામને ભૌતિક જગત કહે છે, જેને આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ અને જયાં આપણને શારીરિક સુખ-દુઃખની અનુભૂતિ થાય છે. જીવનના આ આયામમાં વિકાસ માટે આપણે સામાન્ય ગુરૂની જરૂર હોય છે. સૂક્ષ્મ આયામને માનસિક જગત કહે છે જેને આપણે જોઈ તો શકતા નથી. પણ અનુભવી શકીએ છીએ તથા અહીં આપણને માનસિક પ્રસન્નતા અને સંતાપની અનુભૂતિ થાય છે. કારણ આયામને આત્મિક જગત કહે છે કારણ કે આ અતિ વિશેષ અને ગુપ્ત આયામ હોય છે જયાં આપણને આનંદ-પરાઆનંદની અનુભૂતિ થાય છે. સૂક્ષ્મ તથા કારણ આયામોમાં વિકાસ માટે સદ્‌ગુરૂનું માર્ગદર્શન આવશ્યક હોય છે.

એક સામાન્ય વ્યક્તિનું જીવન ઘણુંખરૂ સ્થૂળ આયામ અર્થાત્ ભૌતિક જગત સુધી જ સીમિત હોય છે. આવી વ્યક્તિઓનું જીવન મૂળભૂત આવશ્યકતા-ઓ પૂરી કરવામાં તથા પોતાના જીવનની સાધારણ સમસ્યાઓ સામે ઝઝૂમવામાં વીતી જાય છે. જીવન અને ભૌતિક જગતની સાધારણ સમજ, પોતાની મૂળભૂત આવશ્યકતાઓની પૂર્તિ જીવનમાં ભૌતિક વિકાસ તથા તેની સાથે જોડાયેલી સમસ્યાઓને દૂર કરવા માટે પ્રત્યેક વ્યક્તિને એક સહાયક તથા માર્ગદર્શકની આવશ્યકતા પડે છે, જેને આપણે ગુરૂ કહીએ છીએ.

ગુરૂની પણ અનેક શ્રેણીઓ હોય છે. પ્રથમ શ્રેણીમાંએ આવે છે, જે સૌથી પહેલા સંસાર સાથે આપણો પરિચય કરાવે છે. આપણી સાધારણ જિજ્ઞાસાઓનું સમાધાન કરે છે, એટલે શાસ્ત્રોમાં માતા-પિતાને જ પ્રથમ ગુરૂ કહેવામાં આવ્યા છે. બીજી શ્રેણીમાં એ ગુરૂ આવે છે જે આપણી ભૌતિક ઉન્નતિમાં માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરે છે. એટલા માટે શિક્ષકને પણ ગુરૂ કહેવામાં આવે છે. ત્રીજી શ્રેણીમાં એ ગુરૂ આવે છે જે આપણી માનસિક અને ભાવનાત્મક ઉન્નતિમાં સહાયતા પ્રદાન કરે છે તથા અંતિમ શ્રેણીમાં સદ્‌ગુરૂ આવે છે જે આત્મિક ઉન્નતિમાં માર્ગદર્શન તથા સહાયતા પ્રદાન કરે છે. સદ્‌ગુરૂ ભૂત-ભવિષ્યના જ્ઞાતા હોય છે તથા આત્માની ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

જેવી રીતે એક સાધારણ ગુરૂ શિષ્યની આત્મિક ઉન્નતિમાં માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરી શકતો નથી, તેવી રીતે એક સાધારણ શિષ્યને સમર્થ ગુરૂ પણ અસાધારણ જ્ઞાન આપી શકતા નથી કારણ કે શિષ્ય પોતાની યોગ્યતાથી વધારે ગ્રહણ કરી શકતો નથી અને ગ્રહનશીલતાના અભાવે શિષ્ય કાંઈ પ્રાપ્ત કરી શકતો નથી. ગુરૂ શિષ્યની આંગળી પકડીને ચલાવતા નથી, પણ તેના માર્ગને પ્રશસ્ત કરે છે જેના પર ચાલવું તો શિષ્યને પોતે જ પડે છે.

આ જ કારણ છે કે દ્રોણાચાર્ય સમર્થ ગુરૂ હોવા છતાં પણ પોતાના પુત્ર અશ્વસ્થામાને અર્જુનથી શ્રેષ્ઠ ધનુર્ધર ન બનાવી શકયા. રામકૃષ્ણ પરમહંસના અનેક શિષ્ય હતા પણ વિવેકાનંદ એક જ હતા સંસારના સમર્થ ગુરૂનો કયારેય અભાવ નથી રહ્યો અને નથી કયારેય યોગ્ય શિષ્ય સદ્‌ગુરૂથી વંચિત રહ્યો એકની સાથે જ બીજી ઘટના અવશ્ય બને છે. ગુરૂ તો આજે પણ છે. આવશ્યકતા માત્ર એક યોગ્ય શિષ્ય બનવાની છે. ભલે આપણે ભૌતિક ઉન્નતિ કરવા માગતા હોઈએ કે પછી આધ્યાત્મિક, પ્રત્યેક સ્થિતિમાં આપણે આપણી યોગ્યતા સિધ્ધ કરવી પડશે. સાચું તો એ જ છે કે કૃપાત્રને કાંઈ મળતું નથી અને સુપાત્ર કયારેય વંચિત રહેતા નથી. આથી જ આપણને આવા સમર્થ ગુરૂ મળ્યા છે તો આપણે પણ તેના એક સાચા અને સુપાત્ર શિષ્ય બનવાની કોશિષ કરવી જોઈએ. ગુરૂ તો આપણને આ સંસારરૂપી અંધકારમાંથી પરમાત્મારૂપી પ્રકાશ તરફ જવા માટેનો રસ્તો તો બતાવે જ છે પરંતુ એ રસ્તા પર ચાલવાનું આપણે છે અને એક સાચા શિષ્ય સાર્થક થવુ પણ આપણા જ હાથમાં છે.

## ભજન

રજુ. ગાબાણી ચંપાબેન જેરામભાઈ
(પીપળીયા)

**રાગ :- ઝીલણિયું**

સાત-આઠ વરસના માધવ છે,
ઈ શેરીએ રમવા જાય,
માધવ બવનામી.....(૧)
રમતા રમતા કૂંવાની કાંઠે ગયા,
આસન બિછાવ્યા કૂવાની માંય,
માધવ બવનામી.....(૨)
હરતા ફરતા તે ત્યાં એક માજી આવ્યા,
માધવ દીઠા કૂંવાની માંય,
માધવ બવનામી.....(૩)
માજી દોડી શામગર બાપુ પાસે ગયા,
આ સપનું છે કે સત્,
માધવ બવનામી.....(૪)
ગામ આખું કૂંવા કાંઠે ભેળું થયું,
ત્યાં માધવ કૂંવામાં હોય,
માધવ બવનામી.....(૫)
માતા-પિતાની માધવ સેવા કરે,
ત્યાં માધવ મોટા થાય,
માધવ બવનામી.....(૬)
દસ-બાર વરસના માધવ થયા,
પિતા સિધાવ્યા વૈકુંઠધામ,
માધવ બવનામી.....(૭)
પછી જીવુ માએ સમાધી લીધી,
સમાધી લીધી ભોગાવાને કાંઠ,
માધવ બવનામી.....(૮)
પછી માધવ ભીમનાથ ગયા,
ત્યાં અવધૂતનો ભેટો થાય,
માધવ બવનામી.....(૯)
અવધૂત કહે માધવ તમે કાશી આવો,
ત્યાં અવધૂત અદ્રશ્ય થાય,
માધવ બવનામી.....(૧૦)
પછી માધવ કાશીએ ગયા,
ત્યાં ભણ્યા છે ચારેય વેદ,
માધવ બવનામી.....(૧૧)
ભણી-ગણીને માધવ પાછા ફર્યા,
એણે સેવકો કર્યા અનેક,
માધવ બવનામી.....(૧૨)
ચોગઠ ગામે બાપાનું ચાતુર્માસ,
પછી જાવું ચમારડી ગામ,
માધવ બવનામી.....(૧૩)
ઈસાળવે ત્રણ નદી ભેળી થાય,
ત્યાં કાળુંભાર ભરપૂર,
માધવ બવનામી.....(૧૪)
એક સેવક બાપાને એમ કહે,
કેમ જાશો ચમારડી ગામ,
માધવ બવનામી.....(૧૫)
પાણી ઉપર આસન પાથર્યા,
પહોંચી ગયા ચમારડી ગામ,
માધવ બવનામી.....(૧૬)
માધવાનંદજીનું ચરિત્ર જે ગાશે,
એનો માધવચરણમાં વાસ,
માધવ બવનામી.....(૧૭)


## સંત મહિમા

રજુ. ડો. હેતલ પી. ભરોડિયા
(પીપળીયા)

સંત મિલન કો જાઈએ, તજી માન મોહ અભિમાન,
જયા જયા પાવ આગેધરે, કોટિક યજ્ઞ સમાન,
સંત મિલે સુખ ઉપજે, દુઃખના રહે લગાર,
જહા જહા સંત પાવધરે, વહા આનંદ હોત અપાર.

**ગીત**

ઓધ્ધવ મુજે સંત સદા અતિપ્યારે (૨)
જાકી મહિમા વેદ ઉચારે (૨)
ઓધ્ધવ મુજે...
મેરે કારણ સોડ જગત કે, ભોગપદારથ સારે (૨)
નીચદિન ધ્યાન ધરે હીરદે મે, સબઘરકામ વીસારે (૨)
ઓધ્ધવ મુજે...
મે સંતન કે પીછે જાવું, જહા જહા સંત સીધારે (૨)
ચરણ રજ મુજ અંગ લગાવું, સોધુ ગાત હમારે (૨)
ઓધ્ધવ મુજે...
સંત મિલે તો મે મીલ જાવું, સંત ન મુજસે ન્યારે (૨)
બીના સત્સંગ મુજે નહિ પાવે, કોટી જતન કરી હારે (૨)
ઓધ્ધવ મુજે...
સંત જન કે સેવક જગમે, સો મુજ સેવક લાવે,
બ્રહ્માનંદ સંતજન જગમે સબભવબંધન ટાળે;
ઓધ્ધવ મુજે સંત સદા અતિપ્રારે,
જાકો મહિમા વેદ ઉચારે.



### પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૨૩-૧૦-૨૦૧૫ અમદાવાદ થી હૈદરાબાદ, હૈદરાબાદ થી રાત્રે ૧.૩૦ કલાકે હોંગકોંગ જવા રવાના થશે. સવારે ૮ કલાકે હોંગકોંગ પધારશે.
- તા. ૨૮-૧૦-૨૦૧૫ હોંગકોંગ થી રાત્રે હૈદરાબાદ અને હૈદરાબાદ થી અમદાવાદ પધારશે.
- દિનેશભાઈ સંઘાડીયા (વિરમગામ) હાલ ગાંધીનગર
- સ્વામીજીની સાથે સેવામાં ધીરેનભાઈ જવાના છે.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કુંભારી)

- કથા પ્રારંભ : કારતક સુદ બીજ ને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ છઠ્ઠને મંગળવાર તા. ૧૭-૧૧-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ આઠમને ગુરૂવાર તા. ૧૯-૧૧-૨૦૧૫
- કથાનો સમય બપોરે ૧ થી ૫ કલાક
- આયોજક : ગુલાબભાઈ રતનજીભાઈ પટેલ, સુરેશભાઈ ગુલાબભાઈ પટેલ, નયનાબેન સુરેશભાઈ પટેલ
- કથા સ્થળ : મું. કુંભારી, તા. ઓલપાડ, જી. સુરત. મો. ૯૮૨૫૮ ૯૪૩૮૦

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સમોજા)

- કથા પ્રારંભ : કારતક સુદ અગીયારસ ને રવિવાર તા. ૨૨-૧૧-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક વદ એકમને ગુરૂવાર તા. ૨૬-૧૧-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : કારતક વદ ત્રીજને શનિવાર તા. ૨૮-૧૧-૨૦૧૫
- કથાનો સમય બપોરે ૧ થી ૫ કલાક
- આયોજક : અભેરાજભાઈ હીરાભાઈ ચૌધરી, ગાંડાભાઈ અભેરાજભાઈ ચૌધરી
- કથા સ્થળ : મું. સમોજા, તા. વડનગર, જી. મહેસાણા. મો. ૯૮૨૫૮ ૯૪૩૮૦

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વેલપરવા)

- કથા પ્રારંભ : કારતક વદ છઠ્ઠ ને મંગળવાર તા. ૦૧-૧૨-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક વદ દસમને શનિવાર તા. ૦૫-૧૨-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : કારતક વદ અગીયારસને સોમવાર તા. ૦૭-૧૨-૨૦૧૫
- કથાનો સમય : રાત્રે ૮ થી ૧૨ કલાક
- આયોજક : અમરતભાઈ છગનભાઈ પટેલ (મો. ૯૬૨૪૪ ૪૦૫૬૮), દિનેશભાઈ એન. પટેલ, ધનસુખભાઈ ગોપાળજી, રાજેશભાઈ એમ. પટેલ, શૈલેષભાઈ ડી. પટેલ, બચુભાઈ આર. પટેલ, રતિલાલ એસ. પટેલ, ઈશ્વરભાઈ એમ. પટેલ, રવજીભાઈ શકુરભાઈ પટેલ, ગોપાળભાઈ છોટુભાઈ પટેલ, વિનયભાઈ જગુભાઈ પટેલ, અરવિંદભાઈ વજીરભાઈ પટેલ (મો. ૭૫૬૭૬ ૮૦૩૨૨, મો. ૯૫૩૭૩ ૬૭૨૪૮)
- કથા સ્થળ : ભવાનિ મંદિર, મુ. વેલપરવા, તા. પારડી (કિલા), જી. વલસાડ.

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**તા. ૧૬-૧૧-૧૫ થી તા. ૨૨-૧૧-૧૫ સુધી**



**વક્તાશ્રી પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

- પોથીયાત્રા : કારતક સુદ પાંચમને સોમવાર તા. ૧૬-૧૧-૨૦૧૫ સવારે ૮.૩૦ થી ૯.૩૦
- કથા પ્રારંભ : કારતક સુદ પાંચમને સોમવાર તા. ૧૬-૧૧-૨૦૧૫
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ આઠમને ગુરૂવાર તા. ૧૯-૧૧-૨૦૧૫
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ અગિયારસને રવિવાર તા. ૨૨-૧૧-૨૦૧૫ સવારે ૧૦.૩૦ કલાકે
- કથાનો સમય સવારે ૯ થી ૧૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૬.૦૦
- આયોજક : ભાવસાર પરિવાર
- કથા સ્થળ : આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, કોબા સર્કલ, એરપોર્ટ રોડ, ગાંધીનગર. ફોન. ૦૭૯-૨૩૨૭૬૧૫૧

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**તા. ૧૩-૧૧-૧૫ થી તા. ૧૯-૧૧-૧૫ સુધી**



**વક્તાશ્રી પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**

- પોથીયાત્રા : કારતક સુદ બીજને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૧૫ સવારે ૮.૦૦ કલાકે
- કથા પ્રારંભ : કારતક સુદ બીજને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૧૫ સવારે ૯.૦૦ કલાકે
- કૃષ્ણ જન્મોત્સવ : કારતક સુદ પાંચમને સોમવાર તા. ૧૬-૧૧-૨૦૧૫ સાંજે ૫.૦૦ કલાકે
- કથા પૂર્ણાહૂતિ : કારતક સુદ આઠમને ગુરૂવાર તા. ૧૯-૧૧-૨૦૧૫ સાંજે ૫.૩૦ કલાકે
- કથાનો સમય સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ અને બપોરે ૩.૩૦ થી ૬.૦૦
- ભોજન પ્રસાદ : દરરોજ બપોરે ૧૨.૦૦ કલાકે
- આયોજક : સમસ્ત સુતરીયા પરીવાર, પાલડી, ઉખરલા.
- કથા સ્થળ : શ્રી અખંડાનંદ સાગર ધામ, નવા પ્લોટ, મુ. પાલડી, તા. સિહોર, જી. ભાવનગર.

## ''બ્લડ ડોનેશન તથા ફ્રી ઓર્થોપેડિક નિદાન કેમ્પ''

## હાથ-પગના સાંધા તેમજ હાડકાના દર્દો માટે

**(ઓર્થોપેડિક સર્જન ડૉ. હિતેશ લાભુભાઈ સુતરિયા, મુંબઈ દ્વારા)**

**રવિવાર તા. ૧૫-૧૧-૨૦૧૫, સમય : સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કથા સ્થળે**

- તા. ૦૯-૧૧-૨૦૧૫ દડવા.
- તા. ૧૧-૧૧-૨૦૧૫ દડવા ગામે દિવાળી-બેસતું વર્ષ સ્વામીશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.
- તા. ૧૨-૧૧-૨૦૧૫ બપોર પછી દડવા થી નવા નાવડા.
- તા. ૧૩-૧૧-૨૦૧૫ થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ.



# શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



અનંત કોટી બ્રહ્માંડ નાયક સચ્ચિદાનંદ ભગવાનની અસીમ કૃપાથી તથા પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમહંસ પરિવ્રાજકાચાર્ય **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની** અમી દ્રષ્ટિથી તેમજ બ્રહ્મલીન પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીના** આશીર્વાદથી નવા નાવડા મુકામે **સંવત ૨૦૭૨ના કારતક સુદ બીજને શુક્રવારે તા. ૧૩/૧૧/૨૦૧૫ના** શુભદિવસે ભક્તિ વિરક્તિ ભગવદ પ્રબોધના અદ્ભૂત જ્ઞાન ભંડાર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવાનું અમને સદ્ભાગ્ય સાપડયું છે.

ભારત આ પૃથ્વી પર એક એવો દેશ છે. જયા અવતરવાનું સ્વયં ભગવાન પણ પસંદ કરે છે. જો કે પરમાત્મા તો નિરાકાર છે. નિર્ગુણ છે. પરંતુ સંત મહાપુરૂષોમાં તે અપરોક્ષ રીતે મૂર્ત સ્વરૂપે બિરાજે છે. તો આવા પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય સદ્ગુરૂવર્ય **શ્રી માધવ પીઠાધીશ્વર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય** વ્યાસપીઠ પર બીરાજી કર્મ, ભક્તિ અને જ્ઞાનથી ભરપુર સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ ભાગવત મહાપુરાણનું દિવ્યજ્ઞામૃત પાન કરાવશે તો આ શુકદેવ મુનીનાં મુખારવિંદથી નિકળેલી જ્ઞાન ગંગામૃતનું પાન કરી અમૃતતત્ત્વ પ્રાપ્ત કરવા આપશ્રી સર્વોને પધારવા અમારા મોણપરા પરીવારનું ભાવભર્યુ નિમંત્રણ છે.

**:: પોથીયાત્રા ::**

કારતક સુદ બીજને શુક્રવાર
તા. ૧૩/૧૧/૨૦૧૫ના
રોજ સવારે ૮.૩૦ કલાકે.

**:: કથા સ્થળ ::**

"માધવધામ" મુ. નવાનાવડા,
તા. બરવાળા, જિ. બોટાદ - ૩૮૨૪૫૦.
મો. ૯૮૨૫૧ ૬૮૯૦૨, ૯૮૨૫૪ ૯૭૭૨૯

**:: કથા પ્રારંભ ::**

કારતક સુદ બીજને શુક્રવાર
તા. ૧૩/૧૧/૨૦૧૫ના
રોજ સવારે ૧૦.૩૦ કલાકે.

**:: શ્રીકૃષ્ણ જન્મોત્સવ ::**

કારતક સુદ છઠને મંગળવાર
તા. ૧૭/૧૧/૨૦૧૫ના
રોજ સાંજે ૫.૦૦ કલાકે.

દરરોજ પ્રાતઃકાલ ૬.૦૦ કલાકે
શ્રી ગુરૂગીતાનો પાઠ પ.પૂ. સદ્ગુરૂજી
મહારાજશ્રીની અધ્યક્ષતામાં થશે.
ખાસ નોંધ :- ચાલુ કથા દરમિયાન
કોઈએ આગળ દર્શન કરવા જવું નહિ.
જયા જગ્યા મળે ત્યા બેસી જવું.

**:: પૂર્ણા હુતિ ::**

કારતક સુદ આઠમને ગુરૂવાર
તા. ૧૯/૧૧/૨૦૧૫ના
રોજ સાંજે ૪.૩૦ કલાકે.

**:: કથા સમય ::**

સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાકે
બપોર પછી ૩.૦૦ થી ૫.૩૦ કલાકે.

**:: નાસ્તો ::**

સવારે ૭.૦૦ કલાકે.

**:: મહા પ્રસાદ ::**

બપોરે ૧૨.૦૦ કલાકે.
સાંજે ૭.૦૦ કલાકે.

**:: નિમંત્રક ::**

શ્રી રામજીભાઈ રણછોડભાઈ મોણપરા
શ્રી સવજીભાઈ રામજીભાઈ મોણપરા
શ્રી દેવરાજભાઈ રામજીભાઈ મોણપરા
શ્રી પ્રતિકભાઈ દેવરાજભાઈ મોણપરા

**મોણપરા પરિવારના સર્વોને જયશ્રી સચ્ચિદાનંદ**



હરિકુંજ સોસાયટી, ચિકુવાડી, વરાછા રોડમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની પ્રેરણાથી શરૂ કરેલ સત્સંગ કેન્દ્ર. કેન્દ્રમાં તેઓ શ્રી સેવક સમુદાયને તા. ૨૫-૧૦-૨૦૧૫ના રાત્રે ૮.૩૦ કલાકે આશીર્વાદ આપવા પધારેલ.

: સૌજન્ય :

શ્રી નાગજીભાઈ મોહનભાઈ ભરોડીયા
અ.સૌ. લીલાબેન નાગજીભાઈ ભરોડીયા

શ્રી નરેશભાઈ નાગજીભાઈ ભરોડીયા
અ.સૌ. નિશાબેન નરેશભાઈ ભરોડીયા

શ્રી પરેશભાઈ નાગજીભાઈ ભરોડીયા
અ.સૌ. નિતાબેન પરેશભાઈ ભરોડીયા

ગામ પાલડી (હાલ સુરત)

**Printed Book**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH










ધર્મપ્રચાર કરવા તથા સેવકોને આશીર્વાદ આપવા સૌરાષ્ટ્રમાં પધારેલ તેમજ સરદાર સરોવર નિહાળતા સેવક સમુદાય સાથે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.
ફોન નં.:– ०२૬૧ ૨૫૩૪૬૧०

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-